# GPSC MAINS 2020 QUESTION BANK

## ભૂગોળ

01. વૈશ્વિક રાજકારણ અને ભૂગોળની દષ્ટિએ ભારતના ભૌગોલિક સ્થાનનું વ્યૂહાત્મક મહત્ત્વ જણાવો.
02. ભારતમાં હિમાલયના વર્ગીકરણ વિશે નોંધ લખો.
03. ભારતમાં હિમાલયના ઉદ્‌ભવ વિશેની સમજૂતી આપો.
04. "જો હિમાલય ન હોત તો ભારત એક પ્રકારનું રણ જ હોત" આ વિધાનને સાર્થક બનાવતી સમજૂતી આપો.
05. ભારતના વિકાસમાં હિમાલયની ભૂમિકા જણાવી હિમાલયના જળ–વિતરણનું મહત્ત્વ સમજાવો.
06. ઉત્તર ભારતના મેદાનની રચના વિશે નોંધ લખો.
07. ભારતમાં ખાદ્ય સુરક્ષા ક્ષેત્રે ઉત્તર ભારતના મેદાનની ભૂમિકા જણાવો.
08. ભારતમાં દ્વીપકલ્પીય ઉચ્ચ પ્રદેશનું વર્ગીકરણ જણાવો.
09. ગંગા નદીએ ભારતના આર્થિક–સામાજિક અને રાજકીય વિકાસ ઉપરાંત સંસ્કૃતિના વિકાસમાં પણ પ્રમુખ ફાળો આપ્યો છે. ચર્ચા કરો.
10. અરબી સમુદ્રને મળતી નદીઓ અને બંગાળની ખાડીને મળતી નદીઓ વિશે જણાવી તેનો તફાવત જણાવો.
11. ભારતની આબોહવાને અસર કરતાં પરિબળો વિશે ચર્ચા કરો.
12. ભારતના ૠતુચક્ર વિશે નોંધ લખો.
13. ભારતમાં તમિલનાડુમાં અનુભવાતી વિશિષ્ટ ૠતુઓ અને તેની અસરો વિશે નોંધ લખો.
14. ભારતમાં વરસાદના આધારે કરવામાં આવેલ જંગલોનું વર્ગીકરણ જણાવી આ જંગલોના વિસ્તરણ વિશે નોંધ લખો.
15. ભારતમાં વનરક્ષણ માટે સરકાર દ્વારા કરવામાં આવેલ વિવિધ પ્રયાસો જણાવી તેની મર્યાદાઓ જણાવો.
16. ભારતમાં જમીનનું વર્ગીકરણ જણાવો.
17. કાંપની જમીન તથા કાળી જમીન વિશે નોંધ લખો.
18. ભારતમાં રાતી જમીન અને લેટેરાઈટ જમીન વચ્ચેની સરખામણી કરો.
19. ભારતમાં જમીન ધોવાણની સમસ્યા વિશે નોંધ લખી તેને નિવારવા માટે કરવામાં આવેલા ઉપાયોની ચર્ચા કરો.
20. જમીન સંરક્ષણ ક્ષેત્રે કરવામાં આવેલી વૈશ્વિક સમજૂતી વિશે નોંધ લખી આ સમજૂતી /કરારમાં ભારતની ભૂમિકા જણાવો.
21. ગુજરાતનું ભૌગોલિક સ્થાન એ ગુજરાતના વિકાસ માટે કઈ રીતે મહત્ત્વનું છે ? વિસ્તૃત ચર્ચા કરો.
22. ગુજરાતની વિવિધ ખેતપેદાશો જણાવી મગફળી અને કપાસના ઉત્પાદન વિશે ચર્ચા કરો.
23. ગુજરાતના પ્રાકૃતિક વિભાગોનું વર્ગીકરણ જણાવો.
24. ગુજરાતના જળ પરિવહન તંત્ર વિશે નોંધ લખો. શું ગુજરાતનું આ જળ તંત્ર ગુજરાતની જળ–માંગ સંતોષવા માટે પૂરતું છે ?
25. ગુજરાતની આબોહવા વિશેની પ્રાથમિક માહિતી આપી ગુજરાતની આ આબોહવાને અસર કરતાં પરિબળોની ચર્ચા કરો.
26. વર્ષ 2019નું વર્ષ એ ગુજરાત માટે "વાવાઝોડાના વર્ષ" તરીકે ઓળખાશે. સમજૂતી આપો.
27. ગુજરાતમાં જંગલોના પ્રકારો તથા તેનું વિસ્તરણ જણાવો.
28. ગુજરાતમાં જંગલોનું પ્રમાણ ખૂબ જ ઓછું છે. આ માટેની ચર્ચા કરી આ પ્રમાણ વધારવા માટેના નવીન ઉપાયો વિશે નોંધ લખો.
29. ગુજરાતમાં જોવા મળતાં વિવિધ જમીન પ્રકારો જણાવી કોઈ પણ બે પ્રકાર વિશે વિસ્તૃત નોંધ લખો.
30. ક્ષારીય જમીન વિશે જણાવી ભારત અને ગુજરાતમાં તેનું વિસ્તરણ જણાવો. આ ક્ષારીય જમીનને સુધારવાની પદ્ધતિઓ પણ જણાવો.
31. ગુજરાત ભૂગર્ભ જળનો અતિશયોક્તિપૂર્વક વપરાશ કરે છે. આ બાબતના ગેરલાભો જણાવો તથા ભૂગર્ભ જળનો વપરાશ ટકાઉપણે કરી શકાય તે માટેના ઉપાયો વર્ણવો.
32. ગુજરાતમાં પુનઃપ્રાપ્ય ઊર્જા સ્ત્રોતોની ક્ષમતા જણાવો. આ ક્ષમતાને વાસ્તવિકતામાં રૂપાંતરિત કરી શકવા માટેની અડચણો તથા ઉપાયો વર્ણવો.
33. શું ભારત 175 GW પુનઃપ્રાપ્ત ઊર્જાનું લક્ષ્ય સિદ્ધ કરી શકશે ? તમારો અભિપ્રાય જણાવી તેના માટેના કારણો વિશે નોંધ લખો.
**OR**
ભારતનું 175 GW પુનઃપ્રાપ્ય ઊર્જા સ્ત્રોતનું લક્ષ્ય સિદ્ધ કરવા માટેની અડચણો જણાવી આ અડચણોને દૂર કરવાના ઉપાયો જણાવો.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

34. ગુજરાતમાં ડેરી ક્ષેત્રે સહકારી આંદોલન ખૂબ જ સફળ રહ્યું છે. આ સહકારી આંદોલનને બીજા કયા–કયા ક્ષેત્રોમાં અમલી બનાવી શકાય તેમ છે ? ખેડૂતોની આવક બમણી કરવાના મુદ્દાઓને ધ્યાનમાં રાખવા.
35. ગુજરાતની મુખ્ય આયાત–નિકાસો જણાવો તથા આયાત–નિકાસને અસર કરતાં પરિબળોની ચર્ચા કરો.
36. 'ભારત એ 2020માં પણ કૃષિપ્રધાન દેશ રહ્યો છે' તમારો અભિપ્રાય કારણો સાથે જણાવો.
37. દેશના ઓછા વિકસિત ક્ષેત્રોમાં પશુપાલન એ મુખ્ય આર્થિક પ્રવૃત્તિ રહી છે. આ પશુપાલન ક્ષેત્રમાં કયા–કયા સુધારાઓ દ્વારા આ ભૌગોલિક ક્ષેત્રોનો વિકાસ કરી શકાય.
38. ભારતની મત્સ્ય ઉદ્યોગની ક્ષમતા ખૂબજ વધુ છે. આ ક્ષમતાનો પૂરેપૂરો ઉપયોગ ભારત દ્વારા ન થઈ શકવાના કારણો જણાવો.
39. ભારતમાં મત્સ્ય ઉદ્યોગની પરિસ્થિતિ જણાવી આ ક્ષેત્રે રહેલાં પડકારો જણાવો. તથા વિકસિત દેશોના અને ભારતના મત્સ્ય ઉદ્યોગની સરખામણી કરો.
40. શા માટે ભારતના મુખ્ય ખાણ અને ખનીજ ક્ષેત્રોનો વિકાસ પૂરતાં પ્રમાણમાં થઈ શકયો નથી ? શા માટે અહીં સંસાધનો હોવા છતાં તે વિકસિત ઔદ્યોગિક કેન્દ્રોમાં રૂપાંતર થઈ શકયા નહીં ?
41. આબોહવા પરિવર્તનની વિપરિત અસરો ઘટાડવા માટે જળપરિવહન એ એક 'નવું ફ્રન્ટ' છે. ભારતના સંદર્ભે ચર્ચા કરો
42. 'ઉડાન' યોજના વિશે પ્રાથમિક માહિતી આપી આ યોજનાના પડકારો તથા તેના દ્વારા થયેલી સારી અસરો જણાવો.
43. ભારતમાં રિસાઈકલીંગ ક્ષેત્ર એ અસંગઠિત ક્ષેત્રમાં સિમિત છે. આ ક્ષેત્ર પર કોઈ યોગ્ય સંચાલન ન હોવાથી તેના દ્વારા પર્યાવરણ અને માનવીને જોખમ રહેલુ છે. તમારો અભિપ્રાય જણાવો.
44. ભારતમાં દ્વિતીય ક્ષેત્રના વિકાસ માટે **SEZ** અને **CEZ**નું મહત્ત્વ જણાવો.
45. ભારતમાં સેવા ક્ષેત્રનો વિકાસ અને શહેરીકરણનો વિકાસ એકબીજાની સાથે–સાથે થયો છે. આ વિકાસના કારણે ભારતના સામાજિક જીવન પર થયેલી અસરો જણાવો.
46. ભારતમાં સેવા ક્ષેત્ર દ્વારા મહિલાઓના આર્થિક તથા સામાજિક વિકાસમાં આપવામાં આવેલ ફાળો જણાવો.
47. ભારતમાં સાગરમાલા અને ભારતમાલા યોજના દ્વારા કઈ રીતે પરિવહન ક્ષેત્રમાં અને તેના કારણે પ્રાદેશિક આર્થિક વિકાસ લાવી શકાશે ?
48. ભારતમાં 'ડેમોગ્રાફીક ડિવિડન્ડ' એ 'ડેમોગ્રાફીક ડિઝાસ્ટર' ન બને તે માટેની સાવચેતીઓ જણાવો.
49. ભારતના શહેરીકરણના પ્રશ્નોને ઉકેલવા માટે 'સ્માર્ટ સિટી'ની નહીં પરંતુ 'સ્માર્ટ વિલેજ'ની જરૂર છે. સમજાવો.
50. 'ગ્રામીણ અને શહેરી સમસ્યાઓનું નિરાકરણ લાવવા માટે વર્ગ–2 તથા 3ના નગરોને યોગ્ય રીતે વિકસાવવા આવશ્યક છે.' તમારો અભિપ્રાય જણાવો.
51. ભારતમાં ધાર્મિક વસતીનું વિસ્તરણએ સરહદી વિસ્તારોમાં જયારે આદિવાસી વસતીનું વિસ્તરણ એ આંતરિક વિસ્તારોમાં જોવા મળે છે. આ પ્રકારના વિસ્તરણ માટેના પરિબળોની ચર્ચા કરો.
52. ઘણાં વિકસિત દેશો 'ડિગ્લોબલાઈઝેશન' તરફ વળી રહ્યા છે. આ કારણે ભારત જેવા વિકાસશીલ દેશો પર શી અસરો થઈ શકશે ?
53. ઘણાં જંગલોમાં કુદરતી રીતે દાવાનળ લાગે છે. માનવીય પ્રવૃત્તિના લીધે લાગતા દાવાનળની પર્યાવરણ અને આબોહવા પરની અસરો જણાવો.
54. દિલ્હીના વાયુ પ્રદૂષણના ભૌગોલિક કારણો અને તેની અસરો જણાવો. આ પ્રદૂષણને નિયંત્રણમાં લાવવા માટેના સચોટ પગલાઓ જણાવો.
55. શહેરી પુરની સમસ્યા વર્તમાન સમયમાં વધી રહી છે આ માટેના કારણો જણાવી પુર વ્યવસ્થાપન માટેની **NDMA** ની રણનીતિ જણાવો.
56. ખડકોનું તેમની રચનાની ઢબના આધારે સંક્ષિપ્તમાં વર્ગીકરણ આપો. (GPSC-18-19)
57. ગુજરાતમાં આદિજાતિ વસતીનું સ્થળલક્ષી ધ્રુવીકરણ ઉદાહરણો સાથે સમજાવો. (GPSC 18-19)
58. ગુજરાતમાં ડેરી વિકાસની મુખ્ય લાક્ષણિકતાઓ સમજાવો. તેમજ ગુજરાતના દૂધાળા પશુઓની ઓલાદો જણાવો. (GPSC 18-19)
59. ઉત્તર ભારતમાં વહેતી નદીઓ અને દ્વીપકલ્પીય ભારતમાં વહેતી નદીઓ વચ્ચેની ભિન્ન લાક્ષણિકતાઓ જણાવો. (GPSC 18-19)
60. પ્રાદેશિક અસમાનતાઓ ઘટાડવા માટે ભારતના ઔદ્યોગિક અને આર્થિક કોરીડોર્સનું મહત્ત્વ ઉદાહરણો સાથે ચકાસો. (GPSC 18-19)
61. ભારતીય કૃષિક્ષેત્ર પર વૈશ્વિકીકરણની અસર અંગે ઉદાહરણો સાથે ચર્ચા કરો. (GPSC 18-19)
62. ભારતમાં આંતરરાજ્ય સ્થળાંતરના કારણો અને પરિણામો કયા છે ? યોગ્ય ઉદાહરણો સાથે ચર્ચા કરો. (GPSC 18-19)
63. ભારતમાં કયારે અને કયા મેંગો સાવર્સ (Mango Showers) થાય છે ? (GPSC 16-17)
64. સૂકી ખેતીની મુખ્ય લાક્ષણિકતાઓ કઈ છે ? (GPSC 16-17)
65. ''અખાત'' અને ''સમુદ્રધુની'' વચ્ચેનો તફાવત ઉદાહરણ સાથે સમજાવો. (GPSC 16-17)
66. સ્પર્ધાત્મક સંઘવાદના યુગમાં ગુજરાતને લાભ આપનારા વિવિધ ભૌગોલિક પરિબળોની ચર્ચા કરો. (GPSC 16-17)
67. સામાજિક વનીકરણની સામાજિક, આર્થિક અને પર્યાવરણીય અસરની ચર્ચા કરો. (GPSC 16-17)
68. વૈશ્વિકીકરણના પડકારો તેમજ ભારતમાં તેની સમાજ અને અર્થતંત્ર ઉપર અસરો સમજાવો. (GPSC 16-17)

69. મુખ્ય માર્ગ નેટવર્કનો તેની ભારતના સામાજિક–આર્થિક અને સાંસ્કૃતિક વિકાસ માટેની ભૂમિકા સાથે અહેવાલ આપો. (GPSC 16-17)
70. હરિત ઊર્જા (ગ્રીન એનર્જી) એટલે શું ? તેની લાક્ષણિકતાઓ અને ભારતમાં તેના વિકાસ માટેના પ્રયત્નોની ચર્ચા કરો. (GPSC 16-17)
71. પર્યાવરણીય અસર મૂલ્યાંકનની તેના હેતુઓ અને પદ્ધત્તિઓ સહ વ્યાખ્યા આપો. (GPSC 16-17)

# વિજ્ઞાન અને ટેક્નોલોજી

01. ઈસરો દ્વારા વર્ષ 2019માં લોન્ચ કરવામાં આવેલ ઉપગ્રહો જણાવી કોઈપણ બે વિશે ટૂંક નોંધ લખો.
02. તાજેતરમાં 'કોંગો ફિવર' ચર્ચામાં રહ્યો છે. આ રોગના લક્ષણો જણાવી તેને નિવારવાના ઉપાયો જણાવો.
03. વર્ષ 2019માં ડેંગ્યુના ઉપદ્રવમાં વધારો જોવા મળ્યો છે. આ માટે ભૌગોલિક કારણ જવાબદાર હતા કે વહીવટી કારણો ? તમારો અભિપ્રાય કારણો સાથે આપો.
04. Industry 4.0 વિશે નોંધ લખો. આ ક્ષેત્રમાં ભારતની નીતિ શું છે ?
05. ઈસરોએ ભારત માટે અવકાશ ક્ષેત્રે ઘણી સિદ્ધિઓ હાંસલ કરી છે. પરંતુ વૈશ્વિક સ્પર્ધાની દષ્ટિએ ઈસરો પાછળ છે. આ નવા યુગમાં ઈસરોને વૈશ્વિક સ્પર્ધામાં આગળ આવવા માટેના પડકારો અને ઉપાયો જણાવો.
06. આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સના કારણે રોજગાર ઉપર થઈ શકતી અસરો જણાવી સામાજિક અને વ્યકિતગત જીવનમાં AIની ભૂમિકા જણાવો.
07. વર્તમાન પરિસ્થિતિઓને ધ્યાનમાં રાખતાં પરમાણુ ઊર્જા એકમો સ્થાપવા યોગ્ય છે કે નહીં ? તમારો અભિપ્રાય આપી ભારતના સંદર્ભમાં પરમાણુ ઊર્જાનું ભવિષ્ય જણાવો.
08. બીજી હરિત ક્રાંતિને સફળ બનાવવા માટે શું જરૂરી છે ? GM પાકો કે ઓર્ગેનિક પાકો ? સવિશેષ ચર્ચા કરી તારણ આપો.
09. ભારતે પ્રાથમિક ક્ષેત્ર અને સેવા ક્ષેત્ર માટે ઈન્ટેલેક્ચ્યુઅલ પ્રોપર્ટી રાઈટ્સની નીતિને સમાન રાખવી જોઈએ કે નહીં ? શું પ્રાથમિક ક્ષેત્રમાં IPR લાવવાથી ફાયદો થઈ શકશે ?
10. અંતરીક્ષ કચરો એટલે શું ? શું વિશ્વમાં આ બાબતે કોઈ કરાર થયેલો છે ? આ બાબતે ભારતની નીતિ / સ્થાન જણાવો.
11. 3-D અને 4-D પ્રિન્ટીંગ વિશેની પ્રાથમિક માહિતી આપી તેના ઉપયોગો જણાવો.
12. "ઈસરોએ હવે રોકેટ લોન્ચિંગને બદલે નવી તક્નીકોના વિકાસમાં ધ્યાન કેન્દ્રીત કરી રોકેટ લોન્ચિંગનું કાર્ય ખાનગી કે PPP કંપનીઓને સોંપી દેવું જોઈએ." વિવેચનાત્મક મૂલ્યાંકન કરો.
13. 'બ્લૂ વોટર નેવી' એટલે શું ? બ્લૂ વોટર નેવીના વિકાસમાં Project-75નો ફાળો જણાવો.
14. તાજેતરમાં CARE4U એપને લોંચ કરવામાં આવી છે. આ એપ વિશે માહિતી આપો. આ એપ સામાજિક જીવનમાં કઈ રીતે ઉપયોગી છે ?
15. ઈસરો દ્વારા લોંચ કરાયેલ ચંદ્રયાન–2ની સિદ્ધિઓ અને મર્યાદાઓ જણાવી ચંદ્રયાન–3 વિશેની પ્રાથમિક માહિતી આપો.
16. "ભારતમાં ઘરે–ઘરે ઈન્ટરનેટ અને સ્માર્ટફોન તો પહોંચ્યા છે, પરંતુ તેને વાપરવા માટેની યોગ્ય સમજ અને જવાબદારી લોકો સુધી પહોંચી નથી." ઓનલાઈન ફ્રોડ અને સોશિયલ મીડિયાના બેફામ વપરાશની બાબતે આ વિધાનનું મૂલ્યાંકન કરી આ માટેના ઉકેલો જણાવો.
17. "IndiGen Genome" પ્રોજેકટ શું છે ? તેના વિશેની માહિતી આપી તેની જરૂરિયાતો જણાવો.
18. 'TechSagar' શું છે ? જણાવો.
19. કલાઈમેટ ચેન્જ પર્ફોમન્સ ઈન્ડેક્ષ–2019 વિશે માહિતી આપી તેમાં ભારતનું પ્રદર્શન જણાવો. ભારતના આ પ્રદર્શનના કારણો પણ જણાવો.
20. માનવ અને પશુઓની અથડામણ વધતા બન્ને તરફ નુકસાન વધી રહ્યું છે. આ માનવ–પશુ અથડામણને રોકવા માટે કઈ રીતે વિજ્ઞાન અને ટેક્નોલોજી ઉપયોગી બની શકે?
21. ઈનોવેશનની ગેરહાજરીમાં ખેત–ઉત્પાદન સ્થાયી રહ્યું છે. ખેતીને વધુ સારી બનાવવા માટે શરૂ કરવામાં આવેલી તાજેતરની ઈ–ટેક્નોલોજીઓ વિશે નોંધ લખો.
22. 'Big Data' એટલે શું ? આપત્તિ વ્યવસ્થાપન અને આરોગ્ય ક્ષેત્રે તેના વપરાશો જણાવો.
23. 'લોકોમાં પર્યાવરણ અને આબોહવા પરિવર્તન પ્રત્યે જાગૃતિ વધી રહી છે. પરંતુ આ જાગૃતિનું નક્કર પગલાઓમાં રૂપાંતર થયું નથી.' સ્પષ્ટ કરો.
24. જાપાનીઝ એન્સેફેલાઈટીઝ શું છે ? ભારતમાં તેનો ફેલાવો જણાવી તેને રોકવાના ઉપાયો જણાવો.
25. પારંપરિક યુદ્ધના બદલે 'સાયબર યુદ્ધ'ની શકયતાઓ અને તેના બનાવો વધી રહ્યા છે. 'સાયબર યુદ્ધ' માટેની ભારતની તૈયારીઓ જણાવો.
26. 'ડ્રોન ટેક્નોલોજી એ વ્યકિતના સામાજિક જીવનમાં તથા સરકારના વહીવટોમાં બદલાવ લાવી શકે તેમ છે. પરંતુ આ ટેક્નોલોજી દ્વારા સામાન્ય માણસના જીવન પર અને ભારતની સુરક્ષા પર ખતરો જોવા મળે છે.' સમજાવો.
27. ડિસેલીનેશન (Desalination) ટેક્નોલોજી શું છે ? શું તેના દ્વારા પાણીની અછતને નિવારી શકાશે ?
28. બ્લોકચેઈન ટેક્નોલોજી એટલે શું ? સરકાર દ્વારા અધિકૃત રીતે તેનો કયા–કયા ક્ષેત્રોમાં ઉપયોગ થઈ શકશે ? તેના દ્વારા થતા

ફાયદાઓ જણાવો.

29. ભારત માટે એનર્જી સ્ટોરેજ સિસ્ટમની આવશ્યકતાઓ જણાવો. આ ટેક્નોલોજી જો યોગ્ય રીતે ફેલાય શકે તો તેના દ્વારા થનારા ફાયદાઓ વિશે નોંધ લખો.
30. ભારતમાં પુનઃપ્રાપ્ય ઊર્જા સ્ત્રોતોના વિકાસ માટેના પડકારો જણાવો. શું ભારત 175 GWનું લક્ષ્ય સિદ્ધ કરી શકશે ?
31. ભારતનું પોતાનું અવકાશ મથક બનાવવાની યોજના જણાવો. આ મથક દ્વારા કયા–કયા લાભો થઈ શકશે ?
32. બાયોટેક્નોલોજીની મદદથી ખેડૂતોના જીવનસ્તરમાં કેવી રીતે સુધારો લાવી શકાશે.
33. National Horticulture Mission (NHM) વિશે નોંધ લખી તે કેટલા સ્તર સુધી ખેડૂતોની આવક વધારવામાં સફળ થયું છે તે જણાવો.
34. જસ્ટિસ બી. એન. શ્રીક્રિષ્ના કમિટીની રચના શા માટે કરવામાં આવી હતી ? આ કમિટીની ભલામણો જણાવો.
35. ભારતમાં સાયબર હુમલાઓને રોકવા માટેનું માળખું જણાવો.
36. 'પરમાણુ ઊર્જા ક્ષેત્રે' ભારતની સિદ્ધિઓ જણાવી ભારતના 'ફાસ્ટ બ્રીડર રિએક્ટર' પ્રોગ્રામ વિશે નોંધ લખો.
37. Wi-Fi કોલીંગ શુ છે ?તે કેવી રીતે કાર્ય કરે છે ? આ બાબતે વિસ્તૃત માહિતી આપો.
38. ગાંધીનગર ખાતે અમલમાં મૂકવામાં આવેલ G-Bike પ્રોજેકટ અને તેના હેતુઓની ટૂંકમાં ચર્ચા કરો. (GPSC 2016-17)
39. ભારત સરકાર દ્વારા મૂકવામાં આવેલા મોબાઈલ એપ "આરંભ" (Aarambh) ની શી વિશેષતાઓ છે. (GPSC 2016-17)
40. SAFAR એ પૃથ્વી વિજ્ઞાન મંત્રાલયની પહેલ છે. તેનો હેતુ શું છે ? (GPSC 2016-17)
41. ભારતીય અવકાશ સંશોધન કેન્દ્ર દ્વારા મૂકવામાં આવેલા જીઓ–પોર્ટલનું નામ શું છે ? તેના દ્વારા પૂરી પાડવામાં આવતી વિવિધ એપ્લિકેશન સેવાઓ કઈ છે ? (GPSC 2016-17)
42. "કાર્બન પોઝીટીવ એરિયા"નો શું અર્થ થાય છે ? (GPSC 2016-17)
43. સ્વાઈન ફ્લૂ એટલે શું ? તે કેવી રીતે ફેલાય છે ? (GPSC 2016-17)
44. "IoT"– "ઈન્ટરનેટ ઓફ થિંગ્સ" શું છે ? રોજીંદા જીવનમાં તેની ઉપયોગીતાની ચર્ચા કરો. (GPSC 2016-17)
45. "ન્યુકિલીયર સપ્લાયર્સ ગ્રુપ" શું છે ? શા માટે તેનું સભ્યપદ મેળવવુ ભારત માટે મહત્ત્વનું છે ? (GPSC 2016-17)
46. કેવી રીતે વિજ્ઞાન, ટેક્નોલોજી અને નવીનીકરણ ભીડ નિવારવામાં અને શહેરી ગતિશીલતામાં સુધારો કરવામાં મદદ કરે છે ? (GPSC 2016-17)
47. શહેરના વિદ્યાર્થીઓના દૂરના ગ્રામીણ વિસ્તારના વિદ્યાર્થીઓની સરખામણીમાં ગુણવત્તાવાળા શિક્ષકનો દેખીતો ફાયદો છે. આ સંદર્ભે અધ્યાપનશાસ્ત્રમાં ઈન્ફોર્મેશન એન્ડ કમ્યુનિકેશન ટેક્નોલોજી મહત્ત્વની ભૂમિકા શી રીતે ભજવી શકે અને ગુજરાત સરકાર દ્વારા અત્યાર સુધીમાં કયા પગલા લેવામાં આવ્યા છે ? (GPSC 2016-17)
48. "ભારતે સંપૂર્ણપણે જૈનીનીક રીતે સુધારેલા પાક (GM) ઉપર અવલંબન રાખવાને બદલે તેની સમૃદ્ધ જૈવ વિવિધતાની જાળવણી કરી કૃષિના ભવિષ્યને સલામત કરવું જોઈએ."વિવેચનાત્મક ટિપ્પણી કરો. (GPSC 2016-17)
49. H1N1 શું છે ? તેના નિવારક પગલાઓ સૂચવો. (GPSC 2018-19)
50. ભારત સરકારના વિજ્ઞાન અને ટેક્નોલોજી ખાતાની પહેલ 'મિશન eco next' ઉપર નોંધ લખો. (GPSC 2018-19)
51. "આર્ટિફિશીયલ ઈન્ટેલિજન્સનો ઉદ્‌ભવ આપણી સભ્યતાના ઈતિહાસમાં સૌથી ખરાબ ઘટના હોઈ શકે." સ્ટીફન હોકીંગ્સ દ્વારા કરવામાં આવેલા આ વિધાન પરત્વે તમારા પ્રતિભાવો જણાવો. (GPSC 2018-19)
52. અવકાશ ટેક્નોલોજીના માધ્યમથી રાષ્ટ્રના વિકાસમાં કાર્યરત, ઈસરો (ISRO) દ્વારા સફળતાપૂર્વક કરવામાં આવેલા મુખ્ય પ્રક્ષેપણો (Launches) તેની ઉપયોગીતા સહ ચર્ચા કરો. (GPSC 2018-19)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ઈતિહાસ

01 'વિદેશી સત્તાનું ભારતમાં પ્રવેશવાનું કારણ માત્ર તેઓની નીતિજ નહીં પરંતુ ભારતની એ સમયની વિકેન્દ્રીત રાજ્યવ્યવસ્થા પણ હતુ.' સમજાવો.
02. 'મવાળવાદીઓ લોકોનો વિશ્વાસ જીતવામાં અસમર્થ રહ્યા હતા.'વિવેચનાત્મક મૂલ્યાંકન કરો.
03. અંગ્રજોના સમયમાં પરંપરાગત હસ્તકલા ઉદ્યોગ પર શી અસરો થઈ? આ કારણે ગ્રામીણ અર્થતંત્રની પરિસ્થિતિ પર શું પ્રભાવ પડયો ?
04. શું ધર્મ અને કોમવાદ વચ્ચે કોઈ સંબંધ રહેલો છે ? તમારો જવાબ કારણો સાથે જણાવો.
05. ચીનના યાત્રિકોના વૃતાંતોનું ભારતના ઈતિહાસની રચનામાં રહેલું મહત્ત્વ જણાવો.
06. અરબ યાત્રિકો મુખ્યત્ત્વે કયા કારણોથી ભારત આવ્યા હતા ? કોઈ એક અરબ યાત્રિક અને તેની ભારત વિશેની સમજ વિશે નોંધ લખો.
07. ગુજરાતના સિંધુ ખીણની સંસ્કૃતિના સ્થળો જણાવી આ પૈકી સૌથી મોટા સ્થળ વિશે નોંધ લખો.
08. સિંધુ ખીણની સંસ્કૃતિમાં મળેલા મુખ્ય જાહેર સ્થળો વિશે નોંધ લખો.
09. બૌદ્ધ અને જૈન ધર્મ એકબીજાના સમકાલીન હોવા છતાં શા માટે જૈન ધર્મ અમુક સ્થળો પુરતો જ મર્યાદિત રહ્યો ?
10. સિંધુ ખીણની સંસ્કૃતિના અર્થતંત્ર પર નોંધ લખો.
11. વૈદિક સમયના વિવિધ સાહિત્યો જણાવી કોઈ બે વિશે નોંધ લખો.

12. એલેકઝાન્ડરના ભારત પરના આક્રમણ વિશે નોંધ લખી તેની અસરો જણાવો.
13. ભગવાન બુદ્ધના જીવન સાથે સંકળાયેલી મહત્ત્વની ઘટનાઓ જણાવી તેમણે આપેલાં ચાર આર્યસત્ય જણાવો.
14. બૌદ્ધ ધર્મના હીનયાન અને મહાયાન સંપ્રદાયોનો તફાવત જણાવી બૌદ્ધ ધર્મના અન્ય સંપ્રદાયોની માહિતી આપો.
15. જૈન પરિષદો વિશે નોંધ લખો અને શ્વેતાંબર અને દિગંબર જૈન સંપ્રદાયનો તફાવત આપો.
16. ભકિત આંદોલન અને સૂફીવાદની સરખામણી કરો.
17. અલવારો અને નયનારો વિશે માહિતી આપો.
18. વર્તમાન યુગમાં ભકિતવાદના સિદ્ધાંતો કઈ રીતે ઉપયોગી બની શકે ?
19. મૌર્ય યુગના વહીવટી તંત્ર અને સામાજિક જીવન વિશે નોંધ લખો.
20. 'અશોકના શિલાલેખો એ તેનો પ્રજા સાથેનો સંવાદ હતો' સ્પષ્ટ કરો.
21. અશોકના 'ધમ્મ ખ્યાલ' વિશે વિસ્તૃત માહિતી આપો.
22. ગુપ્ત સમયના વહીવટી તંત્ર વિશે નોંધ લખો.
23. 'સોલંકી વંશના સ્થાપત્યને ગુજરાતની સ્થાપત્ય કલાનો સુવર્ણ યુગ ગણવામાં આવે છે.' સ્પષ્ટકરો.
24. શેર શાહ સૂરી એ કરેલા સુધારાવાદી કાર્યો વિશે નોંધ લખો.
25. મુહમ્મદ–બિન–તુઘલકના મહત્ત્વના નિર્ણયો જણાવી રાજધાની સ્થળાંતરના નિર્ણય વિશે વિસ્તૃતમાં ચર્ચા કરો.
26. મુઘલ સ્થાપત્યો એ પ્રાચીન ભારતના સ્થાપત્યોથી કઈ રીતે અલગ પડે છે ?
27. અંગ્રેજોની વિવિધ વિસ્તારવાદી નીતિઓ જણાવો. શું આ નીતિઓ 1857ના વિપ્લવનું કારણ હતી ? કારણો સાથે જણાવો.
28. અંગ્રેજોની મુખ્ય 3 જમીન મહેસૂલ પદ્ધત્તિઓ જણાવી આ દરેક પદ્ધત્તિઓનો વિસ્તાર જણાવો. આ પદ્ધતિઓની ભારતીય ખેતી પરની અસરો પણ જણાવો.
29. કઈ રીતે અન્ય યુરોપિયનોની સરખામણીએ અંગ્રેજો સર્વોપરી બન્યાં ?
30. 1857ના સ્વાતંત્ર્ય સંગ્રામના પરિણામોની ચર્ચા કરો.
31. 'ભારતમાં ક્રાંતિકારી પ્રવૃત્તિઓ યોગ્ય નેતૃત્વના અભાવના કારણે જન્મી છે'. ટિપ્પણી કરો.
32. 'અંગ્રેજોએ ભારતમાં રેલવેનો વિકાસ એ ભારતના આધુનિકરણ માટે નહી પરંતુ પોતાના સામ્રાજયવાદ અને વસાહતવાદના ઉદ્દેશ્યથી કર્યો હતો' સમજાવો.
33. 1857ની પહેલાના ભારતમાં થયેલા વિવિધ વિદ્રોહો જણાવી પાઈકા વિદ્રોહ વિશ નોંધ લખો.
34. મુઘલ સામ્રાજયના પતન દરમિયાન મરાઠાઓ તે સ્થાન લેવામાં નિષ્ફળ રહ્યા. કારણો સાથે સમજાવો.
35 ભારતમાં રાષ્ટ્રવાદના ઉદય માટેના જવાબદાર પરિબળો જણાવી સ્થાનિક ભાષાના વર્તમાનપત્રોની ભૂમિકા વિશે સવિશેષ ચર્ચા કરો.
36. વિદેશમાં રહીને ક્રાંતિકારી પ્રવૃત્તિઓ કરનાર ગુજરાતીઓ વિશે નોંધ લખો.
37. 1857ના સંગ્રામ વિશેના વિવિધ વિદ્વાનોના મંતવ્યો જણાવો.
38. સ્વતંત્રતા ચળવળમાં સરદાર પટેલના ઉદય વિશે નોંધ લખો.
39. ગાંધીજીનો ટ્રસ્ટીશીપનો સિદ્ધાંત જણાવો. આ સિદ્ધાંતને વર્તમાન સમયમાં અમલી બનાવીને કઈ –કઈ સમસ્યાઓ નિવારી શકાય ?
40. આઝાદી બાદ રાજ્યોના પુનર્ગઠનની માંગ શા માટે ચર્ચામાં આવી ? રાજ્યોના પુનર્ગઠન માટેના વિવિધ કમિશનો જણાવો તથા કોઈ એક વિશે વિસ્તૃત માહિતી આપો.
41. 'ધન બહિર્ગમન' (ડ્રેઈન ઓફ વેલ્થ) સિદ્ધાંત વિશે નોંધ લખો.
42. હોમ રૂલ લીગનો ઉદ્‌ભવ જણાવી તેના અંત થવાના કારણો જણાવો.
43. શા માટે મહાત્મા ગાંધીએ ખાદી અને ચરખા પર વિશેષ ભાર આપ્યો હતો ? આ પાછળ ગાંધીજીની શું નીતિ હતી ?
44. વિદેશમાં રહેનારા ક્રાંતિકારીઓ કઈ રીતે બ્રિટિશ શાસનને અસર કરી રહ્યા હતા ? કોઈ પણ બે ઉદાહરણો આપી સમજાવો.
45. 'ભારતીય નૌ સેના વિદ્રોહ (1946) એ બ્રિટિશ સામ્રાજયના અંત માટેનો છેલ્લો પ્રહાર હતો' વિધાન સમજાવો.
46. લખનૌ અધિવેશન ભારતીય ઈતિહાસમાં નવો વળાંક આપે છે. સમજાવો.
47. આઝાદી દરમિયાન ગુજરાતમાં થયેલા ધાર્મિક અને સામાજિક સુધારાઓ વિશે નોંધ લખો.
48. ગાંધીયુગ દરમિયાન આઝાદીની ચળવળમાં મહિલાઓનો ફાળો જણાવો.
49. આઝાદી માટેના સુભાષચંદ્ર બોસના અને ગાંધીજીના મંતવ્યો વિશે નોંધ લખો.
50. ડેલહાઉસીને આધુનિક ભારતના સ્થાપક તરીકે શા માટે ઓળખવામાં આવે છે ?
51. અંગ્રેજોના ભારત છોડવા માટેના મુખ્ય જવાબદાર કારણો જણાવો.
52. ભારતમાં શ્રમિક આંદોલનો વિશે નોંધ લખો. તથા શ્રમીક સંગઠનોના ઉદ્‌ભવ માટેના કારણો જણાવો.
53. ભકિત ચળવળની અગત્યતા ચર્ચો (GPSC 16-17)
54. વિજયનગર સામ્રાજયમાં નયનકારા પદ્ધત્તિ ઉપર સંક્ષિપ્ત નોંધ લખો. (GPSC 16-17)
55. ''ચૌથ'' અને ''સરદેશમુખી'' વચ્ચેનો તફાવત જણાવો. (GPSC 16-17)
56. અલ્લાઉદ્દીન ખીલજી દ્વારા કરવામાં આવેલ બજાર સુધારાઓ પાછળના મુખ્ય હેતુઓ કયા હતા ? (GPSC 16-17)
57. રાણી વિકટોરીયાની 1858ની ઘોષણાની મુખ્ય લાક્ષણિકતાઓ કઈ હતી ? (GPSC 16-17)
58. પ્રાચીન શૈક્ષણિક સંસ્થાઓઃ તક્ષશિલા, નાલંદા અને વલ્લભીના આજના સમયના ભૌગોલિક સ્થળો જણાવો. (GPSC 16-17)
59. હર્ષવર્ધનના ગુજરાત સાથેના સંબંધ ઉપર ટૂંકી નોંધ લખો. (GPSC 16-17)

60. ભારતમાં બહુવિધ રાજ્ય વ્યવસ્થા ઉપર તૂર્ક આક્રમણોની શી અસર થઈ ? (GPSC 16-17)
61. હૈદ્રાબાદ રાજ્યના વિલિનીકરણ માટેની સરદાર પટેલની નીતિની સમીક્ષા કરો. (GPSC 16-17)
62. મરાઠા સામ્રાજયની પડતીના કારણો ચકાસો. (GPSC 16-17)
63. ગુપ્તા યુગ દરમિયાન વિજ્ઞાન અને ટેક્નોલોજીનો વિકાસ આલેખો. (GPSC 16-17)
64. મેગેસ્થનીઝની 'ઈન્ડીકા'ના ખાસ સંદર્ભમાં મૌર્ય સમયના નગરપાલિકા વહીવટની ચર્ચા કરો. (GPSC 16-17)
65. ચોલા શાસન હેઠળના સ્થાનિક સ્વરાજનું સંક્ષિપ્તમાં વર્ણન કરો. (GPSC 18-19)
66. ગુજરાતમાં સિંધુ ખીણની સંસ્કૃતિની સ્થાપત્ય કલા અંગે નોંધ લખો. (GPSC 18-19)
67. ભારતીય ઉપખંડની અંદર તેમજ બહાર બૌદ્ધ ધર્મના ઝડપી ફેલાવવામાં મદદ કરનારા પરિબળોની ચર્ચા કરો. (GPSC 18-19)
68. સામાજિક પરિવર્તન અંગેના સ્વામી વિવેકાનંદના વિચારોની ટૂંકમાં ચર્ચા કરો. (GPSC 18-19)
69. આર્યોના મૂળ નિવાસસ્થાન અંગે જુદા–જુદા વિદ્વાનોએ આપેલા મંતવ્યો વિશે નોંધ લખો. (GPSC 18-19)
70. યુનાઈટેડ સ્ટેટ્સ ઓફ કાઠિયાવાડ પર સંક્ષિપ્ત નોંધ લખો તેમજ ભારતીય સંઘમાં તેના વિલીનીકરણની પ્રક્રિયાઓનું વર્ણન કરો. (GPSC 18-19)
71. પ્રાચીન ભારતીય ઈતિહાસના પુન:નિર્માણ માટેના સ્ત્રોત તરીકે વિદેશી પ્રવાસીઓના વૃત્તાંતના મહત્ત્વની વિવેચનાત્મક ચકાસણી કરો. (GPSC 18-19)

# સાંસ્કૃતિક વારસો

01. સિંધુ ખીણની નગર રચના અને સંસ્કૃતિએ વર્તમાન સમયના શહેરીકરણની પ્રક્રિયામાં કઈ રીતે ઉપયોગી બની શકે તેમ છે ? ચર્ચા કરો.
02. ચોલ યુગના મંદિરોના બાંધકામ અને શૈલી વિશે નોંધ લખો.
03. ગાંધાર કલામાં જોવા મળતાં યુનાની તથા કેન્દ્ર એશિયાના તત્ત્વોની ચર્ચા કરો.
04. ભારતીય ચલચિત્રોમાં દર્શાવવામાં આવેલા પોલીસના વિવિધ પાત્રો જણાવો. કાયદાથી અલગ રીતે ન્યાય આપવાની બાબતનો સમાજ પર પ્રભાવ જણાવો. તથા તેનું વિવેચનાત્મક મૂલ્યાંકન કરો.
05. ભારતીય ચલચિત્રોમાં જુદાં–જુદાં સમયોમાં બતાવવામાં આવેલાં નારીપાત્રોએ ભારતના સમાજમાં મહિલાઓનું સ્થાન દર્શાવે છે. આ દ્વારા સમય સાથે મહિલાઓના સમાજના વાસ્તવિક સ્થાનમાં કયા ફેરફારો આવ્યા ? ચર્ચા કરો.
06. ચલચિત્રોને સફળ બનાવવા માટે હવે મુખ્ય પુરુષપાત્ર હોવું જરૂરી નથી. ઉદાહરણો સાથે ચર્ચા કરો.
07. ચલચિત્ર ઉદ્યોગમાં જોવા મળતી જાતિય અસમાનતાઓ વિશે નોંધ લખો. આ બાબતના સામાજિક અને આર્થિક પાસાઓ જણાવો.
08. ચલચિત્રો અને ઓનલાઈન ચલચિત્ર મનોરંજન ઉદ્યોગના કારણે પરંપરાગત નાટ્યશૈલી અને રંગભૂમિ પર શું પ્રભાવ પડયો છે ? ભારતીય રંગભૂમિને પુન: જીવિત કરવાના ઉપાયો જણાવો.
09. ગુજરાતી સંસ્કૃતિને આગવી ઓળખ આપવા માટે ગુજરાતના સંતો, લોકસેવકો અને અન્ય વિદ્વાનોનો ફાળો જણાવો.
10. મધ્યકાલીયયુગના ગુજરાતી સાહિત્યકારો જણાવી કોઈપણ બે વિશે વિસ્તૃત માહિતી આપો.
11. ગુજરાતના આદિવાસી સમુદાયના પહેરવેશની વિવિધતાઓ વિસ્તારોના આધારે જણાવો.
12. ભારતીય સમાજમાં પ્રાચીન સમયથી વર્તમાન સમય સુધીના બંધુઆ મજદુરોની પરિસ્થિતિ જણાવો.
13. 'એક ભારત શ્રેષ્ઠ ભારત' કઈ રીતે વિવિધતામાં એકતા લાવવા ઈચ્છે છે ? ઉદાહરણ સહ સમજાવો.
14. વિવિધ નારી સાહિત્યસર્જકો દ્વારા મહિલાઓના પ્રશ્નો બાબતના સાહિત્યનું સર્જન પ્રાચીન, મધ્યકાલીન અને અર્વાચીન સમયમાં કરવામાં આવ્યુ છે. પરંતુ હજુ સુધી પૂરતાં પ્રમાણમાં નારીઓનું સમાજમાં સ્થાન સુધર્યુ નથી. શું આ સાહિત્યસર્જકો પોતાનું કાર્ય કરવામાં નિષ્ફળ રહ્યા છે ? તમારુ મંતવ્ય જણાવો.
15. વર્તમાન સમયના ગુજરાતી નારી સાહિત્યસર્જકો જણાવી તેમના સાહિત્યો દ્વારા આવરી લેવામાં આવેલા વિવિધ વિષયો જણાવો.
16. સિંધુ ખીણની સંસ્કૃતિના લોકોની ધાર્મિક માન્યતાઓ વિશે નોંધ લખો.
17. ભારતની ગુફા સ્થાપત્ય શૈલી વિશે જણાવી કોઈ પણ બે ગુફા સ્થાપત્યો વિશે વિશેષ માહિતી આપો.
18. અમરાવતી અને ગાંધાર શૈલીની સરખામણી કરો.
19. મંદિર સ્થાપત્યોના વિકાસના વિવિધ તબક્કાઓ વિશે નોંધ લખો.
20. મંદિર સ્થાપત્યની સોલંકી શૈલી અને વેશર શૈલી વિશે માહિતી આપો. દરેકના બે ઉદાહરણો જણાવો.
21. મધ્યકાલીન સ્થાપત્યમાં શિખ શૈલી અને રાજપૂત શૈલી વિશે નોંધ લખો.
22. ભારતીય ચિત્ર શૈલીમાં મુરાલ ચિત્રોની માહિતી આપો.
23. મુઘલ ચિત્ર શૈલી અને યુરોપિયન ચિત્ર શૈલી પ્રાચીન ભારતીય ચિત્ર શૈલીથી કઈ રીતે અલગ પડે છે ? સમજાવો.
24. ભારતીય સંગીત કલાના છ રાગો જણાવો. આ પૈકી કોઈ બે વિશે માહિતી આપો.
25. હિન્દુસ્તાની સંગીત અને કાર્નાટીક સંગીતની સરખામણી કરો.
26. સંગીત નાટક અકાદમી દ્વારા સૂચિબદ્ધ થયેલા શાસ્ત્રીય નૃત્યો જણાવો. આ પૈકી ઉત્તર ભારત સાથે સંકળાયેલ શાસ્ત્રીય નૃત્ય(યો) વિશે ઊંડાણમાં માહિતી આપો.
27. ગુજરાતના લોકનૃત્યની મુખ્ય લાક્ષણિકતાઓ જણાવો.

28. સંસ્કૃત રંગભૂમિના પતનના કારણો જણાવો.
29. પ્રાચીન ભારતીય સાહિત્યમાં પાલી અને પ્રાકૃત ભાષાનો ફાળો જણાવો.
30. ગાંધીજીના ધાર્મિક વિચારદર્શનની માહિતી આપી તેને બૌદ્ધ અને જૈન ધર્મના મુખ્ય વિચારો સાથે સરખાવો.
31. ભારતીય કલાની સાચવણ માટે શું 'એડોપ્ટ અ હેરીટેજ' યોજના એ સાચું પગલું છે? તમારુ મંતવ્ય કારણો સાથે જણાવો.
32. ભક્તિ અને સૂફી ચળવળ દ્વારા સમાજ સુધારા માટે કરવામાં આવેલા પ્રયત્નો જણાવો. શું આ ચળવળો સફળ રહી કે નિષ્ફળ ? વર્તમાન સમય સાથે પણ સરખામણી કરો.
33. ગુજરાતની વિવિધ લોકજાતિઓના આભૂષણો વિશે નોંધ લખો.
34. યુનેસ્કોની અસ્થાયી સૂચિમાં (Tentative List) નામાંકિત થયેલ ગુજરાતના સ્થળો જણાવો. કોઈ પણ એક વિશે વિસ્તૃત માહિતી આપો.
35. સોલંકી કાળના ગુજરાતના મુખ્ય સ્થાપત્યો વિશે નોંધ લખો.
36. કચ્છ પ્રદેશની વિવિધ કલાઓ જણાવી કોઈ પણ એક વિશે નોંધ લખો.
37. ગુજરાતના વિવિધ લોકનૃત્યો જણાવી સૌરાષ્ટ્રમાં જોવા મળતા લોકનૃત્યો વિશે ટૂંકમાં માહિતી આપો.
38. 'ગુજરાતના દરિયાકાંઠાના સમુદાયોનુ યોગ્ય રીતે ગુજરાતના મુખ્ય સામાજિક જીવનમાં એકીકરણ થઈ શકયુ નથી' સમજાવો.
39. આદિવાસીઓની ચિત્રકળા અને નૃત્યકળા જણાવી બન્નેના એક–એક ઉદાહરણોની ચર્ચા કરો.
40. ગુજરાતમાં ભવાઈના પતનના કારણો જણાવો.
41. ગુજરાતમાં સ્થાનિક દેવી–દેવતાઓના ઉદ્દભવના કારણો જણાવો. શું આ સ્થાનિક માન્યતાઓ મુખ્ય ધાર્મિક માન્યતાઓથી ચડિયાતી છે ?
42. ગુજરાતમાં મેળાઓનું મહત્ત્વ સમજાવી રંગપંચમીના મેળા અને ચિત્ર–વિચિત્રના મેળા વિશે ટૂંકમાં માહિતી આપો.
43. ગુજરાતના જૈન તિર્થસ્થળોની યાદી આપી પાલીતાણા વિશે વિસ્તારમાં જણાવો.
44. સંખેડા ફર્નિચર વિશે વિસ્તૃત માહિતી આપી તેની હાલની પરિસ્થિતિ જણાવો. શું આ કલાને સહાયની જરૂરિયાત છે ? જો હા તો કઈ રીતે સહાય કરી શકાશે ?
45. લોકચિત્રોના વિવિધ પ્રકારો જણાવી નીચેના પૈકી કોઈ બે વિશે નોંધ લખો.
(a) ચંદરવા (b) કચ્છની કમાંગરી (c) પીઠોરા.
46. ગુજરાતી નાટકના ઉદ્દભવમાં પારસી લોકોનો અને અંગ્રેજી નાટકોનો ફાળો જણાવો.
47. શા માટે ગુજરાતી ચલચિત્રોનો વિકાસ હિન્દી સિનેમા કે દક્ષિણ ભારતના ચલચિત્રો જેટલો થતો નથી ? ગુજરાતી ચલચિત્રોને વિકસાવવા માટે સરકાર દ્વારા કયા–કયા પ્રયત્નો કરી શકાય ?
48. મૌખિક પરંપરા એટલે શું ? ગુજરાતની મુખ્ય મૌખિક પરંપરાઓ વિશે નોંધ લખો.
49. ગુજરાતની લોકચિત્ર કળામાં ઓળિયા કોને કહેવામાં આવે છે ? (GPSC-16-17)
50. કોઈ પણ પાંચ ગુજરાતી નારીવાદી ટૂંકી વાર્તાકારોના નામ અને તેમની વાર્તાઓના શીર્ષકો જણાવો. (GPSC-16-17)
51. નાગર પ્રકારના મંદિર સ્થાપત્યની મુખ્ય લાક્ષણિકતાઓ કઈ છે ? (GPSC-16-17)
52. ગરબા / રાસનૃત્યની પ્રાદેશિક વિવિધતાઓ સહ મુખ્ય લાક્ષણિકતાઓનુ વર્ણન કરો. (GPSC-16-17)
53. ગુજરાતી ભવાઈ પરંપરાનું સામાજિક–સાંસ્કૃતિક મૂલ્ય દર્શાવો. (GPSC-16-17)
54. પશ્ચિમ ભારતીય સ્થાપત્ય કથાનકોમાં જોવા મળતાં જીવનનો આનંદ અને પ્રેમના તત્વો–વિષે મુદ્દાસર નોંધ લખો. (GPSC-16-17)
55. "ગુજરાતના સમાજ જીવનની સમજણ માટે લોકગીતો ખૂબ મહત્ત્વનો સ્ત્રોત છે." ચર્ચા કરો. (GPSC-16-17)
56. ભારતીય સિનેમામાં કયા ત્રણ બંગાળી ફિલ્મ નિર્દેશકોએ સમાંતર સિનેમામાં પ્રદાન કર્યું છે ? તેમના પ્રત્યેકના એક હિંદી ચલચિત્રનું નામ જણાવો. (GPSC 18-19)
57. "સૌરાષ્ટ્રની રસધાર" પુસ્તકમાં ભારતની રાષ્ટ્રીય અસ્મિતા કઈ રીતે પ્રગટ થાય છે તેનું વિશ્લેષણ કરો. (GPSC 18-19)
58. "પાટણના પટોળા"નો સંક્ષિપ્ત ઈતિહાસ લખો અને આ કલા સ્વરૂપને વધુ સુદ્રઢ બનાવવા માટેના પગલા સૂચવો. (GPSC 18-19)
59. ગુજરાતમાં આદિજાતિ વસતીનું સ્થળલક્ષી ધ્રુવીકરણ ઉદાહરણો સાથે સમજાવો. (GPSC 18-19)
60. નાગર અને દ્રવિડ મંદિર સ્થાપત્ય શૈલીઓની સરખામણી ઉદાહરણો સાથે કરો. (GPSC 18-19)
61. ભારતીય સોળ સંસ્કારોના નામ લખો અને તે પૈકીના કોઈપણ ત્રણની ચર્ચા કરો. (GPSC 18-19)

62. ગુજરાતી વ્યવસાયી રંગભૂમિ અને અવેતન રંગભૂમિ વચ્ચેના ભેદ અંગે નોંધ લખો. (GPSC 18-19)
63. 'પાળિયાઓ' લોકસંસ્કૃતિના છડીદાર છે. ચર્ચા કરો. (GPSC 18-19)
64. ભારતીય સંત કવિયત્રીઓના સમાજદર્શન વિશે નોંધ લખો. (GPSC 18-19)

# ભારતીય અર્થતંત્ર અને આયોજન

01. ઘટતી જતી ભારતની GDP અને વધતા જતો ફુગાવો ભારતના અર્થતંત્રની શી પરિસ્થિતિ દર્શાવે છે ? આ પાછળના કારણો જણાવો.
02. અનાજ વિતરણ પ્રણાલી (PDS) ને વધુ સારી બનાવવા માટે સરકારે કરેલા પ્રયત્નોની ચર્ચા કરો.
03. ભારતમાં 'ફૂડ વેસ્ટેજ'ને રોકવા માટે 'ફૂડ પ્રોસેસિંગ' ક્ષેત્રની ખૂબ જ જરૂરિયાત છે. ફૂડ પ્રોસેસિંગ ક્ષેત્રને વિકસાવવાના ઉપાયો જણાવો.
04. કોર્પોરેટ ટેક્ષમાં થયેલા સુધારાની ભારતના અર્થતંત્ર પરની શકય અસરો જણાવો.
05. 'રેલવે ક્ષેત્રમાં માલ પરિવહન ક્ષેત્ર પર ઘણા મોટા ઉદ્યોગો આધાર રાખે છે. આ ક્ષેત્રનું ખાનગીકરણ કરવાથી તેની કાર્યક્ષમતામાં અને પરિણામે અર્થતંત્રમાં વધારો થશે.' વિવેચનાત્મક મૂલ્યાંકન કરો.
06. સમાવેશી વિકાસ (Inclusive Growth) એટલે શું ? તેની મુખ્ય લાક્ષણિકતાઓ જણાવો. ભારતમાં સમાવેશી વિકાસની પરિસ્થિતિ જણાવો.
07. RCEPમાં ભારતે ન જોડાવાનો નિર્ણય લીધો છે. આ નિર્ણયની અસરો જણાવો.
08. અભિજીત બેનર્જી તથા તેના સાથીઓને તેમનાં કયા કાર્ય / સિદ્ધાંત માટે નોબેલ પ્રાઈઝ મળ્યું છે ? આ કાર્ય / સિદ્ધાંતની ચર્ચા કરો.
09. તાજેતરમાં સરકાર દ્વારા લોંચ કરવામાં આવેલા 'પ્રકાશ' (PRAKASH) પોર્ટલ વિશે નોંધ લખો.
10. ફુગાવાના નિયંત્રણ માટે RBIની મોનેટરી પોલિસી કેટલા અંશે સફળ રહી છે ? ચર્ચા કરો.
11. SARAL ઈન્ડેક્ષ શું છે ? તેના વિવિધ માપદંડો જણાવી તેની નવીનત્તમ આવૃત્તિના તારણો જણાવો.
12. તાજેતરમાં ઘણી બેંકોનું મર્જર કરવામાંઆવ્યુ છે. નબળી બેંકોને મોટી બેંકો સાથે મર્જ કરવાની અસરો જણાવો.
13. ડેવલપમેન્ટ બેંક એટલે શું ? તેની રચના શા માટે કરવામાં આવે છે ? ભારતમાં ડેવલપમેન્ટ બેંકની પરિસ્થિતિ જણાવો.
14. બેરોજગારીના વિવિધ પ્રકારો જણાવી કોઈ બે વિશે વિસ્તૃત નોંધ લખો.
15. ભારતમાં ખાંડ ઉદ્યોગના મુખ્ય પડકાર જણાવી તેના ઉકેલો જણાવો.
16. તાજેતરમાં ગ્રાહક સુરક્ષા એકટમાં શું સુધારા કરવામાં આવ્યા છે ? આ એકટના સુધારા જણાવી તેની અસરો પણ જણાવો.
17. માનવ વિકાસ અહેવાલ અંતર્ગત કયા–કયા સૂચકાંકો પ્રસિદ્ધ કરવામાં આવે છે ? દરેક વિશે ટૂંકમાં માહિતી આપો.
18. બહુપરિમાણીય ગરીબી સૂચકાંક (MPI) એટલે શું ? તેની ગણતરીમાં કયા–કયા માપદંડોનો સમાવેશ થાય છે ? આ સૂચકાંકની નવીનત્તમ આવૃત્તિમાં ભારત વિષયક માહિતીઓ જણાવો.
19. 'એક રાષ્ટ્ર એક કર' GST કેટલા અંશે સફળ રહ્યું છે ? તમારો અભિપ્રાય આપો.
20. ભારતમાં સોલાર ક્ષેત્ર સાથે સંકળાયેલ ઉત્પાદનોના પડકારોની ચર્ચા કરો. આ પડકારોને ઉકેલવા માટે સરકારે કયા પગલાઓ લીધા છે ?
21. વિશ્વમાં ચાલી રહેલ 'ટ્રેડ વોર' વિશે માહિતી આપો. ભારતને આ ઘટનાથી શું અસર થઈ શકશે ? આ સમયમાં ભારતે કેવુ વલણ રાખવુ જોઈએ ?
22. 'લેન્ડ પુલીંગ'નો ખ્યાલ સમજાવો. વિવિધ ક્ષેત્રોમાં તે કેવી રીતે ફાયદો કરી શકે તેમ છે ?
23. શું MSP એ ખેડૂતોની આવક વૃદ્ધિ માટે પર્યાપ્ત છે ? ચર્ચા કરો.
24. વાહન ક્ષેત્રમાં તાજેતરમાં જોવા મળેલી અધોગતિ માટેના કારણો જણાવો. આ ક્ષેત્રની ભારતના અર્થતંત્ર પરની અસરો જણાવો.
25. શું શહેરીકરણ એ હંમેશા આર્થિક વૃદ્ધિ સાથે જ સંકળાયેલુ હોય છે ? કારણો અને ઉદાહરણો સાથે ચર્ચા કરો.
26. ભારતના વિવધ ક્ષેત્રોમાં અને વિવિધ વર્ગોના ખેડૂતોમાં આવકની અસમાનતા જોવા મળે છે. વિધાન સ્પષ્ટ કરો. તથા અસમાનતા ઘટાડવાના ઉપયોગ જણાવો.
27. મ્યુનિસિપલ બોન્ડ શું છે ? ભારતમાં આ પ્રકારના બોન્ડનું મહત્ત્વ તથા તેના પડકારો જણાવો.
28. શહેરમાં રોજગારીની વધુ તકો હોવા છતાં શા માટે શહેરોમાં બેરોજગારીનું પ્રમાણ વધી રહ્યું છે ?
29. ભારતમાં ઈ–કોમર્સ ક્ષેત્રની પરિસ્થિતિ જણાવો. આ ક્ષેત્રમાં કોઈ છેતરપિંડી થાય તો વ્યકિત કઈ જગ્યાએ ફરિયાદ કરી શકે છે? શું આ ક્ષેત્રને વધુ નિયમનની જરૂર છે ? તમારો અભિપ્રાય આપો.
30. ભારતમાં માનવ મૂડીના વિકાસ સમક્ષના પડકારો જણાવો.
31. ભારતમાં 'ઈઝ ઓફ ડુઈંગ બિઝનસ'માં થયેલા સુધારા પાછળના કારણો વિશે નોંધ લખો.
32. ભારતના અર્થતંત્ર માટે MSME ક્ષેત્ર કેવી રીતે ઉપયોગી છે ? શા માટે MSME ક્ષેત્રની કંપનીઓ મોટી કંપનીઓમાં રૂપાંતર થતી નથી ? કારણો સાથે ચર્ચા કરો.
33. મલ્ટીમોડલ પરિવહન એટલે શું ? સરકારે આ બાબતે કરેલા પ્રયત્નોની ચર્ચા કરો.
34. કરારબદ્ધ કૃષિ કે કૃષિમાં સહકારી આંદોલન ? ભારતની વર્તમાન કૃષિની પરિસ્થિતિને જોતા તેને સુધારવા માટે કઈ પદ્ધતિ વધુ

અનુકૂળ રહેશે ? કારણો સાથે તમારો મત જણાવો.

35. લોજીસ્ટીક ક્ષેત્ર (Logistic Sector) એટલે શું ? ભારતમાં આ ક્ષેત્રની પ્રાથમિક માહિતી આપી તેના મુખ્ય પડકારો જણાવો.
36. ભારતમાં વિશેષ આર્થિક ક્ષેત્રો (SEZ) ની મુખ્ય વિશેષતાઓ જણાવો. શા માટે ભારતમાં SEZ દ્વારા યોગ્ય આઉટપુટ મળ્યુ નથી ?
37. સરકાર દ્વારા ભારતને 5 ટ્રિલિયન ડોલરનું અર્થતંત્ર 2025 સુધીમાં બનાવવાની યોજના છે. શું આ લક્ષ્ય સિદ્ધ થઈ શકે તેમ છે ? આ લક્ષ્ય વિરુધ્ધના પડકારો જણાવો.
38. નવા IBC (Insolvency and Bankruptcy code) ની મુખ્ય જોગવાઈઓ જણાવો. શું આ નવો કોડ તેનું કથિત કાર્ય કરવામાં સફળ રહ્યો છે ?
39. વધતી જતી બેરોજગારીને જોતા નવી ટેક્નોલોજી (માનવ શ્રમબળનું સ્થાન લઈ શકે તેવી) દ્વારા ખેત ઉત્પાદન વધારવું કેટલા અંશે યોગ્ય છે ? ટિપ્પણી કરો.
40. કૃષિ ક્ષેત્રે ‘આદર્શ ભાડા કરાર’ની જરૂરિયાત જણાવો. આ કરારમાં સમાવી શકાતી મુખ્ય જોગવાઈઓ પણ જણાવો.
41. ‘ઝીરો બજેટ ફાર્મિંગ’ એટલે શું ? તેના દ્વારા ભારતના વર્તમાન કૃષિકીય પ્રશ્નો કેવી રીતે ઉકેલી શકાશે ?
42. ફૂગાવાના માપદંડ તરીકે CPI, WPI અને GDP ડિફ્લેટરની સરખામણી કરો.
43. ‘45 વર્ષની સર્વોચ્ચ બેરોજગારી’ પાછળના જવાબદાર કારણોની ચર્ચા કરો.
44. તાજેતરમાં વૈશ્વિક રીતે ભારતીય ચલણનું પ્રદર્શન કેવું રહ્યું છે ? ભારતીય ચલણને અસર કરતા પરિબળોની ચર્ચા કરો.
45. ભારતના સંદર્ભે FDI અને FII ની સરખામણી કરી જણાવો કે બન્નેમાંથી કયું પરિબળ ભારતના અર્થતંત્ર માટે વધુ ફાયદાકારક છે ?
46. ગુજરાતમાં કૃષિ ક્ષેત્રની મુખ્ય સમસ્યાઓ જણાવો. ગુજરાતમાં ટકાઉ કૃષિ કઈ રીતે લાવી શકાશે ?
47. સોશિયલ ઈમ્પેક્ટ અસેસમેન્ટ એટલે શું ? ભારતમાં આ પ્રક્રિયા થઈ રહી હોય તેવું કોઈ ઉદાહરણ આપો.
48. ભારતનું ઊર્જા ક્ષેત્રએ મુખ્યત્ત્વે આયાત કરેલા ક્રૂડ તેલ પર નિર્ભર રાખે છે. આ નિર્ભરતાને ઘટાડવામાં સરકાર દ્વારા લેવાયેલા પગલાઓની ચર્ચા કરો.
49. ‘આયુષ્યમાન ભારત’ યોજનાને અમલી બનાવવાના પડકારોની ચર્ચા કરો. શું આ યોજના દ્વારા ‘આઉટ ઓફ પોકેટ’ આરોગ્ય ખર્ચ ઘટી શકશે ?
50. ચોથી ઔદ્યોગિક ક્રાંતિ વિશેની પ્રાથમિક માહિતી આપો. ભારતે આ ક્રાંતિમાં મુખ્ય ભાગ ભજવવા માટે કઈ–કઈ તૈયારીઓ રાખવી પડશે ? ચર્ચા કરો.
51. ટેકાનો ભાવ અને ખરીદભાવ વચ્ચે શું તફાવત છે ? આ સંદર્ભે CACP (Commission for Agriculture cost and prices)ની શી ભૂમિકા છે ?
(GPSC 16-17)
52. સેવાક્ષેત્રના મુખ્ય ઘટકો શું છે અને ભારતના કુલ ઘરગથ્થુ ઉત્પાદનમાં તેમનો વિશાળ હિસ્સો શા કારણે છે ? (GPSC 16-17)
53. ભારતમાં લઘુ અને નાના સંસ્થાનોની મુખ્ય સમસ્યાઓ જણાવો. આ સમસ્યાઓ ઉકેલવા માટેના પગલાઓનું સૂચન કરો. (GPSC 16-17)
54. શું તમે સંમત છો કે 14માં નાણાકીય આયોગની ભલામણોએ સહકારી સંઘવાદની ભાવનાને પ્રબળ બનાવી છે ? ચર્ચા કરો. (GPSC 16-17)
55. આર્થિક સુધારાઓ શા માટે જરૂરી હતા અને આ આર્થિક સુધારાઓ કઈ રીતે ઊદારીકરણ, ખાનગીકરણ અને વૈશ્વિકરણના વિશાળ ચોકઠામાં પ્રતિબિંબિત થાય છે ? (GPSC 16-17)
56. શા માટે કોઈપણ આંતરમાળખાકીય પ્રોજેકટનું સોશિયલ ઈમ્પેક્ટ અસેસમેન્ટ કરવુ જરૂરી છે ? કોઈપણ એક પ્રોજેકટનું ઊદાહરણ લઈ સમજાવો. (GPSC 16-17)
57. “નીતિ આયોગના ખ્યાલે ભારતની વિકાસ આયોજનની પ્રક્રિયાને સંપૂર્ણપણે એક નવું પરિમાણ આપ્યું છે.” ટિપ્પણી કરો. (GPSC 16-17)
58. ભારતમાં સાર્વત્રિક આરોગ્ય વિષયક સેવાઓ પૂરી પાડવા સબંધિત પડકારો અને ઉપાયોની ચર્ચા કરો. (GPSC 16-17)
59. ભારતમાં ગુડસ એન્ડ સર્વિસ ટેક્ષની મુખ્ય વિશેષતાઓનુ વર્ણન કરો. રાજ્યોને નાણાકીય નુકસાનની ભીતિના સંદર્ભે કેન્દ્ર સરકાર દ્વારા શું પગલા લેવામાં આવ્યા છે ? (GPSC 16-17)
60. જાહેર વિતરણ વ્યવસ્થાની ભૂમિકા અને મહત્ત્વ ઉપર નોંધ લખો. તેમાં જરૂરી સુધારાઓ સૂચવો. (GPSC 16-17)
61. ગુજરાત સરકારે તાજેતરમાં નશાબંધી કાયદામાં બુટલેગીંગ અને દારૂના સેવન સામે કડક શિક્ષાત્મક ઉપાયો દાખલ કર્યા છે. રાજ્યના સામાજિક–આર્થિક પાસાના સંદર્ભમાં તેની જરૂરિયાતની ચર્ચા કરો. (GPSC 16-17)
62. ટ્રાન્સપેસિફિક ભાગીદાર (TPP)માંથી યુ.એસ.એ.ના ખસી જવાથી તેની ભારત ઉપર શી અસર થશે ? (GPSC 16-17)
63. આર્થિક વિકાસનું કયુ પરિમાણ વધારે સારું છે. કુલ ઘરેલું ઉત્પાદન (GDP) કે કુલ મૂલ્યવર્ધન (GVA) ? શા માટે ? (GPSC 18-19)
64. રોજગાર સ્થિતિસ્થાપકતા (Employment Elasticity) સંક્ષિપ્તમાં જણાવો. (GPSC 18-19)
65. ખાદ્ય પર્યાપ્તતા (Food Self sufficiency) અને ખાદ્ય સુરક્ષા (Food security) વચ્ચેનો ભેદ જણાવો. (GPSC 18-19)
66. બેંકમાં ગ્રાહક સેવાઓ માટેની એમ. દામોદરન સમિતિની ભલામણોની મુખ્ય વિશેષતાઓ સમજાવો. (GPSC 18-19)

67. માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદી દ્વારા ઓગષ્ટ 2018માં શરૂ કરવામાં આવેલા "PARIVESH" પોર્ટલ ઉપર સંક્ષિપ્ત નોંધ લખો. (GPSC 18-19)
68. ગુજરાત સરકાર દ્વારા શરૂ કરવામાં આવેલી સ્ટાર્ટ–અપ / ઈનોવેશન નીતિની મુખ્ય વિશેષતાઓની ચર્ચા કરો. (GPSC 18-19)
69. ભારતીય કરમાળખામાં આંતરક્ષેત્રીય અસમતુલાઓ ધ્યાને લેતાં,ખેતીની આવકને કરપાત્ર કરવી જોઈએ કે નહીં તે ચકાસો. (GPSC 18-19)
70. ચાલુ તેમજ મૂડી ખાતામાં ભારતીય રૂપિયાના રૂપાંતરણ (Convertibility) અંગેની ભારતીય નીતિની ચર્ચા કરો. (GPSC 18-19)
71. ભારતમાં જમીન સંપાદનની મુખ્ય સમસ્યાઓ કઈ છે ? પ્રવર્તમાન કાયદાકીય માળખા વિશે ચર્ચા કરો અને તે આ સમસ્યાઓનું નિરાકરણ કેટલા અંશે કરે છે ? (GPSC 18-19)
72. વર્ષ 2018-21 માટેની ભારતીય દેવા સંચાલન વ્યૂહરચનાની વિવેચનાત્મક ચકાસણી કરો. તેમજ સ્વતંત્ર જાહેર દેવુ સંચાલન એજન્સી (PDMA) ના ખ્યાલ ઉપર ટિપ્પણી કરો. (GPSC 18-19)

# લોકપ્રશાસન અને શાસન તથા ભારતીય રાજ્ય વ્યવસ્થા અને બંધારણ

01. ભારતીય બંધારણના સમવાયતંત્રી લક્ષણોની ચર્ચા કરો.
02. સંસદીય પ્રણાલી એટલે શું ? આ પ્રણાલીનું વિવેચનાત્મક મૂલ્યાંકન કરો.
03. તાજેતરમાં સમાચારમાં રહેલ 'દિશા એક્ટ' શું છે ? શું આ નિયમ દ્વારા સ્ત્રીઓ પ્રત્યેના અત્યાચારનો પ્રશ્ન ઉકેલી શકાશે ?
04. 'ભારત શાસન અધિનિયમ, 1935 ન હોત તો ભારતીય બંધારણની રચનામાં ઘણી મહેનત અને સમયની જરૂરિયાત પડે તેમ હતી.' મૂલ્યાંકન કરો.
05. ભારતીય બંધારણની વિશેષતાઓ જણાવી કોઈ પણ ચાર વિશષતાઓ વિશે નોંધ લખો.
06. 'ભારતીય બંધારણ એ અન્ય દેશોમાંથી ઊછીનું લેવામાં આવેલુ બંધારણ નથી, પરંતુ ભારતની સ્વતંત્રતા ચળવળ દરમિયાનની મુખ્ય રાજકીય માંગોનું પરિણામ છે.' ચર્ચા કરો.
07. ભારતના આમુખમાં પ્રયોજવામાં આવેલા મુખ્ય શબ્દો જણાવી કોઈ ત્રણ વિશે નોંધ લખો.
08. તાજેતરમાં જાહેર કરવામાં આવેલ "રાષ્ટ્રીય અપરાધ રેકોર્ડ બ્યૂરો"ના અહેવાલના મુખ્ય તારણો જણાવો.
09. આમુખ સંબંધિત સર્વોચ્ચ ન્યાયાલયે કયા–કયા ચૂકાદાઓ આપેલા છે ? આ ચૂકાદા મુજબ આમુખની વર્તમાન પરિસ્થિતિ જણાવો.
10. જમ્મુ–કાશ્મીર કેન્દ્રશાસિત પ્રદેશનું નિર્માણ કેવી રીતે થયું? આ માટે બંધારણની કઈ–કઈ જોગવાઈઓનો ઉપયોગ કરવામાં આવ્યો છે ? વિસ્તારમાં સમજાવો.
11. ભારત કયા લક્ષણોને કારણે વિશ્વમાં બિનસાંપ્રદાયિક દેશ તરીકે ઓળખાય છે ?
12. નાગરિકતા અધિનિયમ, 1955 અંતર્ગત નાગરિકતા મેળવવાની મુખ્ય રીતોની યાદી આપી કોઈ બે રીતો વિશે વિસ્તૃત માહિતી આપો.
13. ભારતીય નાગરિકની નાગરિકતા કયા–કયા કારણો દ્વારા સમાપ્ત થઈ શકે છે ? દરેક વિશે નોંધ લખો.
14. "ભારતમાં સ્થાનિક સ્વરાજ સંસ્થાઓમાં સ્ત્રીઓને અનામત આપવા છતાં ભારતીય સમાજના પુરુષ પ્રધાન વલણને મોટી અસર થઈ નથી." ચર્ચા કરો.
15. ભારતીય લોકશાહીને વધુ સફળ બનાવવા માટે ચૂંટણી પ્રક્રિયામાં કયા–કયા સુધારાઓની જરૂરિયાત છે ?
16. ભારતના બંધારણના અનુચ્છેદ–14 વિશે માહિતી આપો તથા આ અનુચ્છેદમાં લાગુ પડતાં અપવાદો વિશે માહિતી આપો.
17. તાજેતરમાં માહિતીના અધિકારમાં કયા–કયા સુધારાઓ લાવવામાં આવ્યા છે ? આ સુધારાઓની અસરો જણાવો.
18. ભારતની ચૂંટણી પ્રક્રિયામાં સરકાર દ્વારા ભંડોળ (State Funding of election) આપવાની બાબતના લાભ તથા ગેરલાભ જણાવો.
19. ભારતના બંધારણમાં કઈ–કઈ રીતે સુધારો લાવી શકાય છે? શું ભારતીય બંધારણ કઠોર (Rigid) છે કે નરમ (Flexible) ?
20. રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો કાયદાકીય રીતે લાગુ પાડી શકાતા નથી. આમ છતાં તેને શા માટે શાસન પ્રક્રિયા માટે આધારભૂત માનવામાં આવે છે ? ચર્ચા કરો.
21. ભારતના બંધારણમાં જોવા મળતી સંઘીય વિશેષતાઓ જણાવો. શા માટે આપણા બંધારણના ઘડવૈયાઓએ સંઘીય પ્રણાલીને અપનાવી ? કારણો જણાવો.
22. ઈલેક્ટ્રોરલ બોન્ડ એટલે શું ? ભારતમાં ઈલેક્ટ્રોરલ બોન્ડની પરિસ્થિતિ જણાવો. શું આ દ્વારા ચૂંટણી પ્રક્રિયાનો ભ્રષ્ટાચાર દૂર થઈ શકશે ? તમારો અભિપ્રાય આપો.
23. પ્રતિનિધિ લોકતંત્રને સહભાગી લોકતંત્રમાં રૂપાંતર કરવા માટે 73માં બંધારણીય સુધારાની ભૂમિકા જણાવો.

24. ભારતમાં કેવી રીતે બ્રિટિશની સંસદીય અને અમેરિકાની ન્યાયિક સર્વોચ્ચતાનો સમન્વય જોવા મળે છે? સમજાવો.
25. 'જેને બંધારણના એક 'મૃત પત્ર' બનવાની આશા રાખવામાં આવી હતી તે બંધારણની સૌથી વિવાદાસ્પદ જોગવાઈ બની ગયેલ છે.' અનુચ્છેદ–356 ના સંદર્ભમાં આ વિધાનની ચર્ચા કરો.
26. ભારતમા **NGT**નું બંધારણ અને તેની રચના જણાવો. **NGT** એ કઈ રીતે વિકાસ કાર્યો અને પર્યાવરણીય સારસંભાળ વચ્ચે સંતુલન જાળવી રાખ્યુ છે?
27. ભારતના બંધારણની મૂળ સંરચનાના સિદ્ધાંતનો ક્રમિક વિકાસ જણાવો.
28. રાજ્યપાલ પાસે રહેલી વિવેક શકિતઓ જણાવો. રાજ્યપાલની આ શકિત સાથે સંકળાયેલ વિવાદોની ઉદાહરણો સાથે ચર્ચા કરો.
29. શું મૂળભૂત અધિકારોને બદલી કે સુધારી શકાય છે ? આ માટેની પ્રક્રિયા તથા મર્યાદા જણાવો, ઉપરાંત ભારતના બંધારણમાં મૂળભૂત અધિકારોમાં થયેલા સુધારાઓ પણ જણાવો.
30. ભારતના બંધારણમાં મૂળભૂત અધિકારો અને રાજ્યનીતિ માર્ગદર્શક સિદ્ધાંતો વચ્ચેનો તફાવત જણાવો.
31. કોઈ કાયદો બનતા પહેલાં તેમાં નાગરિક સમાજને સમાવવાનું મહત્ત્વ જણાવો. ઉપરાંત કાયદા બનવાની પ્રક્રિયામાં લોકભાગીદારી વધારવા માટે સરકાર કયા કયા પ્રયત્નો કરી શકે છે ?
32. શા માટે રાષ્ટ્રપતિના મહાભિયોગની પ્રક્રિયાને અર્ધન્યાયિક પ્રક્રિયા ગણવામાં આવે છે ? આ સાથે મહાભિયોગની પ્રક્રિયા પણ જણાવો.
33. સામાજિક વિકાસના કાર્યક્રમોમાં સામાજિક અન્વેષણ કઈ રીતે ઉપયોગી બની શકે છે ? ઉપરાંત સામાજિક અન્વેષણની મર્યાદાઓ જણાવો.
34. ભારતમાં વર્તમાન સમયની અમલદારશાહી સાથે સંકળાયેલ મુખ્ય પ્રશ્નો જણાવો. અમલદારશાહીને લોકો પ્રત્યે વધુ સંવેદનશીલ અને પ્રતિભાવશાળી બનાવવાના ઉપાયો જણાવો.
35. ભારતમાં મીડિયાને લોકસાંસદ તરીકે શા માટે ઓળખવામાં આવે છે ? ભારતમાં મીડિયાને મળેલ સ્વતંત્રતાઓ દ્વારા થયેલા લાભો અને ગેરલાભો વિશ માહિતીઓ આપો.
36. 'વધુ પડતા અને વારે–વારે બહાર પડતાં વટહૂકમો એ બંધારણની વિરુધ્ધ છે.' તમારો અભિપ્રાય આપો.
37. 'લોકસભા અને રાજ્યસભામાં કોઈ રાજકીય પક્ષની પૂર્ણ બહુમતી હોય તો સરમુખત્યારશાહી આવવાની સંભાવના રહે છે.' આ વિધાનનું વિવેચનાત્મક મૂલ્યાંકન કરો.
38. હાલમાં રાજ્યપાલની વિવેકસત્તા પર ઘણાં પ્રશ્નો ઉઠયાં છે. આ વિવેકસત્તાની ચર્ચા કરો. તથા આ માટે સરકારી કમિશન દ્વારા આપવામાં આવેલ ભલામણોની ચર્ચા કરો.
39. તાજેતરમાં ભારતના ન્યાયતંત્રની સમક્ષ ઘણાં પ્રશ્નો ઉઠયા છે. આ સંદર્ભમાં 'ભારતીય ન્યાય સેવા' (**All India Judicial Service**) ની ચર્ચાઓ ચાલી રહી છે. બંધારણીય રીતે તેની શકયતાઓ જણાવો તથા 'ભારતીય ન્યાય સેવા'ની જરૂરિયાતો જણાવો.
40. 'ઈ–શાસન આવવાની સાથે લોકો અને અધિકારીઓ વચ્ચેનો સંપર્ક ઘટતા ભ્રષ્ટાચારમાં ઘટાડો થશે.' વિધાન સ્પષ્ટ કરો. તથા ઈ–શાસનની મર્યાદાઓ જણાવો.
41. ''ભારતમાં સ્વતંત્ર અને તટસ્થ ચૂંટણી એ લોકશાહી માટેની અગત્યની જરૂરિયાત છે, પરંતુ પર્યાપ્ત નથી.'' સમજાવો.
42. લોકસભા અને રાજ્યસભાની સંયુકત બેઠકો શા માટે યોજવામાં આવે છે? સંયુકત બેઠકની વિવિધ જોગવાઈઓ જણાવો. શું સંયુકત બેઠકો એ અપ્રત્યક્ષ રીતે રાજ્યસભાનું નીચું સ્થાન દર્શાવે છે ?
43. શું ભારતને સમાન નાગરિક સંહિતા (**UCC**) ની જરૂરિયાત છે ? શું **UCC**એ ભારતની વિવિધતામાં એકતાના લક્ષણની વિરોધી છે ? આ મુદ્દાની મૂળભૂત અધિકારોને ધ્યાનમાં રાખીને ચર્ચા કરો.
44. ભારતમાં લોકઅદાલત અને ફાસ્ટ ટ્રેક કોર્ટની વિવિધ વિશેષતાઓ, જરૂરિયાતો અને પરિસ્થિતિ જણાવો.
45. કયા–કયા કિસ્સાઓમાં રાજ્ય યાદીના વિષયો પર કાયદો બનાવવાની સત્તા સંસદ પાસે છે ? કોઈ પણ ત્રણ વિશે વિસ્તૃત માહિતી આપો.
46. ભારતમાં કેન્દ્ર–રાજ્ય વચ્ચેના મુખ્ય તણાવ બિંદુઓની ચર્ચા કરો.
47. ભારતમાં રાષ્ટ્રીય કટોકટી, રાષ્ટ્રપતિ શાસન અને માર્શલ લૉની મૂળભૂત અધિકારો પરની અસરો વિસ્તૃતમાં જણાવો.
48. ભારતમાં શિક્ષણનો અધિકાર મૂળભૂત અધિકાર હોવા છતાં શા માટે શિક્ષણનું સ્તર નીચું રહ્યું છે ? આ પાછળના વહીવટી, કાયદાકીય અને સામાજિક કારણો જણાવી વિવિધ ઉપાયોની ચર્ચા કરો.
49. ભારતમાં પંચાયતી રાજ માટે બનાવવામાં આવેલી વિવિધ સમિતિઓ જણાવી કોઈ બે વિશે નોંધ લખો.
50. ભારતમાં **CAG**ની ફરજો અને સત્તાઓ જણાવી **CAG** દ્વારા રજૂ કરાતા વિવિધ અહેવાલોના નામ જણાવો.
51. ભારતમાં પંચ (**Tribunal**) સાથે સંકળાયેલ વિવિધ બંધારણીય જોગવાઈઓ જણાવી કેન્દ્રીય વહીવટી પંચ વિશે માહિતી આપો.
52. ભારતમાં માનવ અધિકાર આયોગને 'દાંત વગરનો વાઘ' કહેવામાં આવે છે. આ વિધાન વિશે તમારો અભિપ્રાય કારણો સાથે જણાવો.
53. ભારતમાં કેન્દ્રીય તકેદારી આયોગ (**CVC**) નું માળખું જણાવો. તેના કાર્યો વિશે નોંધ લખો.
54. ભારતમાં આર્થિક રીતે પછાત (**EWS**) વર્ગના લોકોની અનામતની વિવિધ માંગો શા માટે વધી રહી છે ? આર્થિક પરિસ્થિતિઓના આધારે અનામત આપવા માટેની બંધારણીય શકયતાઓ જણાવો.

55. કલમ 124-A સાથે સંકળાયેલ વિવિધ વિવાદો જણાવો. શા માટે બ્રિટિશ યુગની આ કલમ હજુ યથાવત છે ? આ માટેની જરૂરિયાતો જણાવો.
56. ભારતમાં સમવર્તી યાદી (Concurrent List) ને નાબૂદ કરવાની માંગ સમયાંતરે ઊઠતી રહી છે. શા માટે ? આ સાથે સંકળાયેલ વિવાદો જણાવી સરકારીયા કમિશનની આ બાબત પરની ભલામણો જણાવો.
57. ચૂંટણી પ્રક્રિયામાં NOTA ની ભૂમિકા જણાવો. આ વિકલ્પને મજબૂત બનાવવુ જોઈએ ? શા માટે ? આ માટેના પગલાઓ અને પડકારો જણાવો.
58. ભારતમાં CBI સાથે સંકળાયેલ વિવિધ વિવાદો જણાવી તેનું બંધારણ, રચના અને કાર્યો જણાવો. કેટલા અંશે CBI પોતાના કાર્યો કરવામાં સફળ રહી છે? મૂલ્યાંકન કરો.
59. ચૂંટણી પ્રક્રિયામાં પ્રોક્ષી વોટીંગ એટલે શું ? આ લાભ કોને–કોને મળે છે ? ભારતમાં સ્થાનાંતરીત લોકોની સંખ્યા વધી રહી છે. પરિણામે તેઓ ચૂંટણી પ્રક્રિયામાં યોગ્ય રીતે ભાગ લઈ શકતાં નથી. આ માટેની વિવિધ જોગવાઈઓ અને ઉપાયો જણાવો.
60. ભારતમાં બંધારણીય સંસ્થાઓ, વૈધાનિક સંસ્થાઓ અને કારોબારી સંસ્થાઓનું વર્ગીકરણ દરેકના એક ઉદાહરણ સાથે સમજાવો.
61. ભારતમાં ન્યાયતંત્ર એ તટસ્થ અને ન્યાયપૂર્ણ કામગીરી કરી હોવા છતાં તેની અસરકારકતા અને સમયબદ્ધતા પર ઘણા પ્રશ્નો ઊભા થયાંછે. આ માટે ન્યાયતંત્ર માટે કરવા જોઈતા સુધારાઓ જણાવો.
62. જે રાજ્યોમાં વિધાન પરિષદ છે તે રાજ્યોના નામ આપો, અને શા માટે વિધાન પરિષદ જરૂરી છે, તેના ઓછામાં ઓછા બે કારણો આપો. (GPSC 16-17)
63. ભારતના બંધારણનું આમુખ તમામ નાગરિકો માટે શું સુરક્ષિત કરવા માંગે છે? ટૂંકમાં સમજાવો. (GPSC 16-17)
64. માહિતી અધિકાર અધિનિયમ 2005 અંતર્ગત તેનું કાર્યક્ષેત્ર અને નિષેધાત્મક બાબતો જણાવો. (GPSC 16-17)
65. કયા સંજોગોમાં ધારાગૃહના સભ્યને ''લાભદાયી હોદ્દા'' અંતર્ગત અયોગ્ય ઠરાવી શકાય ? (GPSC 16-17)
66. ''સહભાગી પદ્ધતિ વિકાસ પ્રક્રિયાને વેગવંતી બનાવે છે.'' સમજાવો. (GPSC 16-17)
66. ''રાષ્ટ્રીય ગ્રીન ટ્રીબ્યુનલ'' (એન.જી.ટી.) સંસ્થા વિશે ટૂંકમાં વર્ણન કરો. (GPSC 16-17)
67. બંધારણીય સત્તાઓ અને વૈધાનિક સત્તાઓ વચ્ચેનો તફાવત જણાવો. (GPSC 16-17)
68. ભારતમાં 'જાહેર હિતની અરજી' (પી.આઈ.એલ.) ની અગત્યતા તપાસો. (GPSC 16-17)
69. ભારતમાં 'આધાર કાર્ડ'ના સર્વાંગીકરણમાં શું ખામીઓ છે ? (GPSC 16-17)
70. ભારતમાં બંધારણના અનુચ્છેદ–75 અનુસાર સામુહિક જવાબદારીની કલ્પના કેવી રીતે કરવામાં આવી છે ? (GPSC 16-17)
71. ''ભારતમાં વહીવટી ન્યાયપંચ , વહીવટી ન્યાયનિર્ણયની 'એંગ્લો–સેકસન' પદ્ધતિને અનુસરે છે.'' સમજાવો. (GPSC 16-17)
72. ''ભારતીય બંધારણના ભાગ XVIIIની જોગવાઈઓ 'બંધારણીય સરમુખત્યારશાહી' તરફ લઈ જાય છે.'' દલીલ કરો. (GPSC 16-17)
73. ''શિક્ષણના અધિકારને મૂળભૂત અધિકાર બનાવેલ હોવા છતાં વંચિત બાળકો માટે સર્વાધિક અને ગુણવત્તાસભર પ્રવેશ હક્ક માટે ઘણું કરવાનું બાકી છે.''ગુણવત્તાસભર શિક્ષણની ઉપલબ્ધતાઓની વ્યવસ્થા માટેના જરૂરી ઉપાયોની ચર્ચા કરો. (GPSC 16-17)
74. ''સ્વૈચ્છિક અને બિનસરકારી સંગઠનો વિકાસ કાર્યક્રમોનાં અમલીકરણ માટે પૂરક ભૂમિકા ભજવે છે'' ઉદાહરણ સહિત ચર્ચા કરો. (GPSC 16-17)
75. શું કાયદો અને વ્યવસ્થા રાજ્ય યાદીમાં ચાલુ રહેવા જોઈએ ? ચર્ચા કરો. (GPSC 16-17)
76. ''ગોપનિયતાના અધિકાર'' પરના ભારતની સર્વોચ્ચ અદાલતના નિર્ણયની સમીક્ષા કરો. આ નિર્ણયના સૂચિતાર્થો શું છે ? (GPSC 16-17)
77. ''ઈ–ગવર્નન્સ (ડિજિટલ ઈન્ડિયા) સરકારના પારદર્શી અને ઉત્તરદાયિત્વવાળા શાસનની ઉપલબ્ધતા માટેના પ્રયત્નોની પૂર્તતા કરે છે. '' યોગ્ય ઉદાહરણો સાથે દલીલ કરો. (GPSC 16-17)
78. સમાજમાં 'જાતિગત ન્યાય'ની સુનિશ્ચિતતા માટે સમાન નાગરિક સંહિતાની જરૂર છે'' ઉપરોકત વિધાનને સર્વોચ્ચ અદાલતના 'ત્રણ તલાક' કેસના ચૂકાદાના સંદર્ભમાં પૃથકૃત કરો. (GPSC 16-17)
79. ''નાગરિક સેવા સક્રિયતાવાદ, નાગરિક સેવા તટસ્થતાને અસર કરે છે.''આલોચનાત્મક મૂલ્યાંકન કરો. (GPSC 16-17)
80. ''નાગરિક અધિકાર પત્રોએ કાર્યક્ષમતા અને ઉત્તર દાયિત્વના હેતુઓ પ્રાપ્ત કર્યા નથી.'' ચર્ચા કરો. (GPSC 16-17)
81. ''રાજકીય ઈચ્છાશકિત અને વહીવટમાં નૈતિક મૂલ્યોનું પીઠબળ ન મળે તો નાગરિક સેવા નિયમો તેમની મેળે 'સુશાસન' તરફ નહીં જઈ શકે.'' ઉપરોકત વિધાન 'સુશાસન' સામેના પડકારોના સંદર્ભમાં ચકાસો. (GPSC 16-17)
82. ''આચારસંહિતા નાગરિક સેવાની વ્યાવસાયિક વિશેષતાને સુગમ બનાવે છે.'' આચારસંહિતાના નૈતિક આધારોની ચર્ચા કરો. (GPSC 16-17)
83. જાહેર વહીવટ અને શાસન કેવી રીતે આધુનિક લોકશાહીના ભાગ બન્યા છે, તે સમજાવો. (GPSC 18-19)
84. શું જી.એસ.ટી. કાઉન્સિલને સંઘીય સહકારીતાના ઉદાહરણ રૂપે ગણી શકાય ? તમારો દષ્ટિકોણ જણાવો. (GPSC 18-19)
85. જાહેર નીતિ તથા લોકશાહી શાસન વચ્ચેના સંબંધને સમજાવો. (GPSC 18-19)
86. બીજા વહીવટી સુધારણા પંચ દ્વારા સૂચિત ''સહાયકતાનો સિદ્ધાંત'' સમજાવો. (GPSC 18-19)
87. શું સંસદીય વિશેષાધિકારો અને કાયદા સમક્ષ સમાનતા એકબીજા સાથે અસંગત છે? સમજાવો. (GPSC 18-19)
88. ''પ્રતિભાવિત વહીવટ અને જવાબદાર સરકાર વચ્ચે ગેરસમજ ન થવી જોઈએ; જો કે બન્ને પરસ્પર સંકળાયેલા છે.'' સમજાવો.

(GPSC 18-19)

89. "વહીવટી ન્યાય નિર્ણય"ના ખ્યાલને ઉદાહરણો સહિત તપાસો. (GPSC 18-19)

90. ન્યાયાધિશોની નિમણૂકોમાં ન્યાયાધિશો ન્યાયાધિશને પસંદ (કોલેજીયમ) કરે તે પદ્ધતિમાં ગુણ–દોષ રહેલા છે. વિવેચનાત્મક મૂલ્યાંકન કરો. (GPSC 18-19)

91. "રાજ્યપાલોએ જુદી–જુદી પરિસ્થિતિઓમાં એક સરખા નિર્ણય લીધા છે અને એક સરખી પરિસ્થિતિમાં જુદા–જુદા નિર્ણયો લીધા છે." ઉપરોક્ત વિધાનના સંદર્ભમાં રાજ્યોમાં રાજ્યપાલની ભૂમિકાનું પૃથ્થકરણ કરો. (GPSC 18-19)

92. "પ્રમાણિક અને વિશ્વસનીય માહિતી (DATA) નો અભાવ જાહેર નીતિ નિર્ધારણ, અમલીકરણ અને અસરકારકતાને અસર કરે છે." સમજાવો. (GPSC 18-19)

93. 42મો બંધારણીય સુધારો 'નાના બંધારણ' તરીકે જાણીતો છે. આ સુધારાની ચર્ચા કરો અને તેની ભારતીય રાજ્ય વ્યવસ્થા પર પડેલી દૂરોગામી અસરો વર્ણવો. (GPSC 18-19)

94. "કૌટિલ્યનું અર્થશાસ્ત્ર–શાસન કલા, આર્થિક નીતિઓ તથા લશ્કરી વ્યૂહરચના પરનો વાર્તાલાપ છે." સમકાલીન સંદર્ભમાં તેની પ્રાસંગિકતા તપાસો. (GPSC 18-19)

95. નાગરિક સેવાઓની તટસ્થતા, કાયદાના શાસનના સિદ્ધાંતોના પ્રયોગો પર કેવી રીતે આધારિત છે, તેનું વિવેચનાત્મક મૂલ્યાંકન કરો. (GPSC 18-19)

96. શું 2014 નો વ્હીસલ બ્લોઅર સંરક્ષણ અધિનિયમ નાગરિકોના લાભ માટે આર.ટી.આઈ. ને સુદઢ બનાવવામાં મદદરૂપ થયો છે ? ચર્ચા કરો. (GPSC 18-19)

97. "ડિજિટલ ઈન્ડિયા ત્રણ ઘટકો ધરાવે છે– સુરક્ષિત અને સ્થિર ડિજિટલ માળખાનો વિકાસ, સરકારી સેવાઓને ડિજિટલી પહોંચાડવી અને સાર્વત્રિક ડિજિટલ સાક્ષરતા" ખુલાસાવાર સમજાવો. (GPSC 18-19)

98. બીજા વહીવટી સુધારણા પંચ દ્વારા ભલામણ કરાયેલ જાહેર સેવા સંહિતાની મુખ્ય વિશેષતાઓની ચર્ચા કરો. (GPSC 18-19)

99. ન્યાયિક સમીક્ષા, ન્યાયિક સક્રિયતા અને ન્યાયિક અતિરેક વચ્ચેનો તફાવત યોગ્ય ઉદાહરણો સહિત જણાવો. (GPSC 18-19)

## લોકસેવા નીતિ શાસ્ત્ર

01. તમે રાષ્ટ્રીય માનવ અધિકાર આયોગના અધ્યક્ષ છો. તાજેતરમાં એક ઘટનામાં સ્ત્રી પ્રત્યેના દુષ્કર્મના પરિણામે કથિત ગુનેગારોનું એન્કાઉન્ટર પોલીસ દળ દ્વારા કરવામાંઆવ્યુહતુ. આ ઘટના દેખીતી રીતે માનવ અધિકારોનું ઉલ્લંઘન છે. જયારે અન્ય દુષ્કર્મના કેસમાં પીડિતા પર ગેંગરેપ થયાં ઉપરાંત તેને જીવીત સળગાવવાનો પ્રયાસ દોષિતો દ્વારા કરવામાં આવ્યો હતો. પરંતુ દોષિતો એ રાજકીય અને આર્થિક રીતે ઓળખાણ ધરાવતા હોવાથી તેમના પર ઝડપી ચૂકાદો આવી રહ્યો નથી. આ બન્ને બાબતો પર તમારે એક પ્રેસ કોન્ફરન્સ કરવાની છે. આ દરમિયાન આયોગ પર અને તમારા પર કયા–કયા નૈતિક પ્રશ્નો ઉદ્ભવી શકે છે ? આ પ્રશ્નોના જવાબ કેવી રીતે આપશો. બન્ને કિસ્સાઓ માટે ન્યાયિક અને તટસ્થ રહેવુ આવશ્યક છે. ઉપરાંત લોક લાગણીને ઠેસ ન પહોંચે તેનું પણ ધ્યાન રાખવાનુ છે. (તમારો જવાબ 200 શબ્દોમાં આપો)

02. જાહેર જીવન (Public Life) ના આધારભૂત સિદ્ધાંતો જણાવી કોઈ પણ ત્રણ વિશે નોંધ લખો.

03. "લોક સેવક દ્વારા પોતાની ફરજ યોગ્ય રીતે ન નિભાવવી એ એક પ્રકારનો ભ્રષ્ટાચાર છે." શું તમે આ મતથી સહમત છો ? કારણો આપો.

04. 'બંધારણીય નૈતિકતા' અને 'વ્યકિતગત નૈતિકતા' સમજાવો. બન્ને વચ્ચેનો તફાવત સ્પષ્ટ કરો. બન્ને નૈતિકતા એકબીજાની વિરુદ્ધ હોય તેવું કોઈ ઉદાહરણ આપો.

05. જાહેર સેવામાં સત્યનિષ્ઠા દ્વારા તમે શું સમજો છો? જાહેર સેવામાં સત્યનિષ્ઠા સુનિશ્ચિત કરવાના ઉપાયો જણાવો.

06. "માહિતી અધિકારનો હેતુ માત્ર નાગરિકોને સશકત કરવાનો જ નહીં પરંતુ તે ઉત્તરદાયિત્વ સુનિશ્ચિત કરવાનો નવો ખ્યાલ છે." સમજાવો.

07. "સત્યનિષ્ઠા, પ્રમાણિકતા, બુદ્ધિમતા અને ઊર્જા પૈકી વ્યકિતમાં જો પ્રથમ બે ગુણ ન હોય તો વ્યકિત સૌથી ખતરનાક બની શકે છે." વિવેચનાત્મક મૂલ્યાંકન કરો.

08. સ્ત્રીઓ પર વધી રહેલાં દુષ્કર્મોને નિવારવા માટે શું જરૂરી છે ? કાયદો કે નૈતિક શિક્ષણ ? ભારતના સંદર્ભે તમારો અભિપ્રાય યોગ્ય રીતે સમજાવો.

09. "કોઈ સારું કાર્ય કરવા માટે અને સારું પરિણામ મેળવવા માટે કોઈ પણ માર્ગે જવુ યોગ્ય છે."લોકસેવકના સંદર્ભમાં આ વિધાનની યોગ્યતા ઉદાહરણો સાથે તપાસો.

10. ભાવનાત્મક બુદ્ધિમતા એટલે શું ? જાહેર વહીવટ તથા શાસનમાં તેની ઉપયોગિતા સમજાવો.

11. ભારતમાં ભ્રષ્ટાચાર ક્ષેત્રે ઘણી બધી જોગવાઈઓ અને સંસ્થાઓ છે. (CBI, CVC, લોકપાલ, RTI વગેરે) આમ છતાં શા માટે હજુ પણ ભારત ભ્રષ્ટાચાર સમક્ષ જઝૂમી રહ્યું છે ? આ માટેના કારણો તથા યોગ્ય ઉપાયો જણાવો.

12. "ભ્રષ્ટાચાર એ હંમેશા દ્વિતરફી હોય છે" વિધાન સ્પષ્ટ કરો. ભ્રષ્ટાચારને રોકવામાં ભારતમાં નાગરિક જાગૃકતા અંગે ચર્ચા કરો.

13. ભારતની રાજનીતિને નૈતિક મૂલ્યો ધરાવતાં યુવા વર્ગની જરૂરિયાત છે. પરંતુ આ વર્ગ રાજનીતિમાં અરૂચિ ધરાવે છે. શા માટે ?

તેમને પ્રોત્સાહિત કરવાના ઉપાયો જણાવો.

14. કોઈ પોલીસ અધિકારી સમક્ષ રહેલા વિવિધ નૈતિક પડકારો જણાવો. શું દરેક સમય કાયદો અને બંધારણ પોલીસના હાથોને બાંધી રાખે છે ? સમજાવો. પોલીસ કાયદાથી અલગ માર્ગે ચાલી સુરક્ષા કે ન્યાય આપે ત્યારે ઉદ્‌ભવતા કાયદાકીય અને નૈતિક પ્રશ્નોની ચર્ચા કરો.
15. તાજેતરમાં એક IAS અધિકારીની 7 વર્ષમાં 53મી બદલી થતા તેણે કહ્યું હતુ કે 'પ્રમાણિકતાનું આ ઈનામ છે'. આ વિધાનનું મૂલ્યાંકન કરો. શું ભારતમાં પ્રમાણિકતાનું આવુ જ ઈનામ મળે છે ? ચર્ચા કરો.
16. 'શાસન', 'સુશાસન' અને 'નૈતિક શાસન'ની શબ્દાવલી સમજાવી તેમના વચ્ચેનો તફાવત ઉદાહરણ સાથે સ્પષ્ટ કરો.
17. વ્યકિતગત નૈતિકતા અને વ્યાવસાયિક નૈતિકતા વચ્ચેનો તફાવત જણાવો. (GPSC 16-17)
18. જાહેર સેવાઓના સંદર્ભમાં "સત્યનિષ્ઠા" અને "ઉત્તરદાયિત્વ"ના ખ્યાલને વ્યાખ્યાયિત કરો. (GPSC 16-17)
19. "સામાજિક પ્રભાવ, માનવ ક્રિયા નક્કી કરે છે." વિધાનનું ઔચિત્ય સાબિત કરો. (GPSC 16-17)
20. કાયદો ભ્રષ્ટાચારને રોકવામાં મદદ કરે છે. પરંતુ પર્યાપ્તરૂપે નહિં. ભ્રષ્ટાચારને રોકવા માટેના અન્ય ઉપાયો વર્ણવો. (GPSC 16-17)
21. નૈતિક વલણને વ્યાખ્યાયિત કરો અને તેની પ્રસ્તુતતા વર્ણવો. (GPSC 16-17)
22. "ભાવાત્મક બુદ્ધિ વગરનો નોકરશાહ એ યંત્રમાનવ જેવો છે." વિશ્લેષણ કરો. (GPSC 16-17)
23. "વલણની અસંગતતા" એટલે શું ? (GPSC 18-19)
24. શું કાયદા દ્વારા નૈતિક મૂલ્યો લાગુ કરી શકાય ? વિવેચનાત્મક મૂલ્યાંકન કરો. (GPSC 18-19)
25. સામાજિક પ્રભાવ અને સમજાવટ વચ્ચેનો તફાવત શું છે ? ઉદાહરણો આપી સમજાવો. (GPSC 18-19)
26. સહાનુભૂતી અને આદરના ગુણો જાહેર સેવામાં કઈ રીતે પ્રગટ થવા જોઈએ ? ઉદાહરણો સહિત સમજાવો. (GPSC 18-19)
27. શું 'સુ:શાસન' 'નૈતિક શાસન'નું સૂચક છે ? ઉદાહરણો સહિત સમજાવો. (GPSC 18-19)

---


સૌથી વધુ ઉમેદવારોને સૌથી ઊંચી સફળતા અપાવનાર સંસ્થા

કેન્દ્ર સરકાર તથા ગુજરાત સરકારની તમામ ભરતીઓ માટે

A COACHING CLASS FOR GOVERNMENT JOB

ગાંધીનગર
Gh-2, Sector-6, 2nd Floor,
Near Iscon Gathiya,
Gandhinagar-382006
CALL : 81406-01110 / 81407-01110

રાજકોટ
HEAD OFFICE
SHREE SADGURU SHOPPING CENTRE,
2nd FLOOR, Nr. AKSHAR MANDIR, OPP. TIRUPATI
PETROL PUMP, KALAWAD ROAD, RAJKOT
MO. 93757-01110 / 93280-01110

જૂનાગઢ
Perry Plaza Complex, 2nd Floor,
Near Alkapuri Society, Zanzarda
Road, Junagadh - 3620001
CALL : 76985-01110/76986-01110

અમદાવાદ
127, Ratna Business Square, Old Natraj
Cinema, Opp. H.K. Collage, Ashram Road,
Ahmedabad - 380009
CALL : 8469501110/8469601110

Website iceonline.in | JOIN TELEGRAM t.me\icerajkotofficial | YouTube icerajkot | Facebook icerajkot | INSTAGRAM icerajkot